# તોહફ એ ઝિક્રે ઈલાહી



કિતાબનું નામ : તોહફએ ઝિક્રે ઈલાહી

પ્રકાશક : હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ

પ્રુફ રીડીંગ : મૌલાના મુરતુઝા ભારમલ સાહેબ

કંપોઝિંગ : મોહમ્મદઅલી નરસિંહ

## : પ્રકાશક :

હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક
ભાવનગર - ૩૬૪૦૦૧ (ગુજરાત - ઈન્ડીયા)
ફોન : ૦૨૭૮ - ૨૫૧૦૦૫૬
મોબાઇલ : ૮૪૬૦૫૩૪૫૯૮
Email : hajinajitrust@gmail.com
www.hajinajitrust.com

# ઈસાલે સવાબમાં વકફ

આ કિતાબ

## મર્હુમા ખૈરુન્નીસાબાનુ બિન્તે રુપજીભાઈ પંજવાણી

અને મેઘાણી પરિવારના મર્હુમ કુટુંબીજનો તથા કુલ મર્હુમ મોઅમેનીન વલ મોઅમેનાતની રૂહના સવાબ અર્થે વકફ કરેલ છે.

“હે અલ્લાહ! કબ્રવાળાઓને ખુશી નસીબ કર.”

: વફાત તારીખ :

૧૧ માહે રમઝાન, હિ.સ.૧૪૪૨
૨૪ એપ્રિલ, ઇ.સ.૨૦૨૧

# બે બોલ

તમામ તાઅરીફો એ ખુદાએ તઆલાની કે જેણે આ વિરાટ કાએનાતનું સર્જન કર્યું.

અગણિત સલવાતો અને સલામ થાય અલ્લાહના પ્યારા હબીબ હઝરતે મોહમ્મદે મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ અને આપની પાકીઝા આલ પર કે જેઓ સમગ્ર સૃષ્ટિના સર્જનના કારણરૂપ છે.

ખુદાવંદે કરીમના ફઝલ અને કરમ થકી એક નવું પ્રકાશન ''તોહફએ ઝિક્રે ઈલાહી'' કોમના વાંચકો સમક્ષ મૂકી રહ્યા છીએ. આ નાની એવી કિતાબમાં સાત વારના નકશાઓ, ચહારદા માઅસૂમીન (અ.મુ.સ.)ની ઝિયારતો, વાજિબ નમાઝો પછી પઢવાની દુઆઓ ઉપરાંત કેટલીક મખ્સૂસ દુઆઓ અને કુરઆને મજીદના કેટલાક સૂરાઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

આ કિતાબને તૈયાર કરવામાં જે જે ભાઈઓએ સહકાર આપ્યો છે તેઓ સૌને ખુદાવન્દે કરીમ દુનિયા અને આખેરતની ભલાઈ અતા ફરમાવે તેવી દુઆ ગુઝારૂં છું.

આ કિતાબ તૈયાર કરવા માટે ખૂબજ કાળજી લેવામાં આવી છે. તેમ છતાંય નજરચૂકથી અગર ભૂલ રહી ગઈ હોય તો માણસ માત્ર ભૂલને પાત્ર અને માણસ ભલું પણ કરતો હોય છે અને ભૂલ પણ કરતો હોય છે એ વાતને ધ્યાનમાં લઈ વાંચકોએ સંસ્થાનું ધ્યાન દોરવા નમ્ર વિનંતી.

લી. પ્રકાશક

# અનુક્રમણિકા


૧) સાતવારના નકશા ........................ ૮

૨) નમાઝ પછી પઢવાની કેટલીક આયતો
સવાબ સહિત ........................... ૧૬

૩) આયતુલ કુરસી ......................... ૧૮

૪) આયએ શહાદત ......................... ૨૩

૫) આયએ મુલ્ક ........................... ૨૬

૬) આમનર રસૂલોની આયાત ............. ૨૭

૭) તસ્બીહે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવા
પછી આ મુજબ કહે...................... ૨૯

૮) સુબ્હની નમાઝ બાદ પઢવાની દુઆ .... ૩૨

૯) ઝોહરની નમાઝ બાદ પઢવાની દુઆ.... ૩૬

૧૦) અસરની નમાઝ બાદ પઢવાની દુઆ ... ૩૯

૧૧) મગરિબની નમાઝ બાદ પઢવાની દુઆ . ૪૫

૧૨) ઇશાની નમાઝ બાદ પઢવાની દુઆ ..... ૪૭

૧૩) બેશુમાર સવાબની દુઆ ................ ૫૦

૧૪) હાજત પૂરી થવા અને મુશ્કેલ આસાન
થવા માટે અજબ નમાઝ ................ ૫૬

૧૫) મુશ્કેલ આસાન થવાની નમાઝ ......... ૫૯
૧૬) રોઝીમાં વધારો થવા તથા કર્ઝ
અદા થવા માટે ......................... ૬૦
૧૭) કર્ઝ અદા થવાનો અમલ ................ ૬૨
૧૮) જે ચાહે તે થવાની નમાઝ ............... ૬૪
૧૯) રોઝી બહોળી થવાનો ઇલાજ........... ૬૮
૨૦) કર્ઝ અદા થવા.......................... ૭૦
૨૧) રોઝીમાં વધારો થવાની દુઆ........... ૭૩
૨૨) આયુષ્ય વધારે થવા .................... ૭૫
૨૩) બલા આફત મુસીબતથી બચવા માટેની
નમાઝ .................................. ૭૮
૨૪) બીમારી દૂર થવા ઘઉંનો અમલ ........ ૮૧
૨૫) હરસની બીમારી દૂર થવા માટેની
દુઆ .................................... ૮૩
૨૬) ધ્રૂજાટથી તાવ આવે તો દૂર થવા માટે . ૮૪
૨૭) સૂરએ તાહાની ૧૩૧ તથા ૧૩૨ આયતોના
ફાયદા .................................. ૮૬

૨૮) આખી રાત ઈબાદત કરવાનો સવાબ . ૮૮
૨૯) આસમાન અને ઝમીનની ચાવીઓ ..... ૯૧
૩૦) અર્શના ખઝાનામાંથી હદિયો ............ ૯૪
૩૧) દુઆએ કુનૂત ............................૧૦૦
૩૨) દુઆએ અબુઝરે ગફ્ફારી ............૧૦૩
૩૩) દુઆએ ફરજ ............................૧૦૪
૩૪) દુઆએ અહદની ફઝીલત ..............૧૦૮
૩૫) દુઆએ હઝરતે મહદી (અ.સ.) ......૧૨૦
૩૬) સાતવાર (રવિવાર થી શનિવાર સુધી)ની દુઆઓ ..................................૧૨૪
૩૭) ચહારદા માઅસૂમીન (અ.મુ.સ.)ની સાતવાર (શનિવાર થી શુક્રવાર સુધી)ની ઝિયારતો .....................૧૬૬
૩૮) ઝિયારતે વારેસા ........................૧૯૭
૩૯) કુરઆની સૂરાઓ ........................૨૧૪

# શનિવાર

આ નકશાને શનિવારના દિવસે જોવે તો તમામ બલાઓથી બચે અને ખાસ લોકોની સમક્ષ માનવંતો થાય વિગેરે..

| | | | | |
|---|---|---|---|---|
| بصیر بالعباد | ان الله | الی الله | امری | وافوض |
| ٧ | ١٢٢ | ٧٤ | ٥٣ | محمد علی |
| ١٧ | ع | ١٢ | ے | ١٧٣ |
| ١٧ | ١٩ | ١٧٥ | ٧و | ع |
| ١٧١ | ع | عـه | ١٧ | ١٨ |
| رسول الله | محمد | الا الله | الله | لا |

# યા ગઁનીય્યો

આ ઈસ્મને શનિવારના દિવસે ૧૦૬૦ વખત પઢે તો અલ્લાહ તેને માલદાર કરે.

# રવિવાર

આ નકશાને રવિવારના જોવે તો દોઝખની આગથી બચે અને દુનિયાના કામ તેના માટે આસાન થાય વિગેરે..

| | | | | |
|---|---|---|---|---|
| یا قدوس | یا سبوح | مبینا | لك فتحا | انا فتحنا |
| ٢٥٨ | ١٨١ | ٩٧ | ١١ع١ | ١ |
| عه | ٥٩٥ | ٢ | ٧ | ٨٧ |
| ٥٥ع٥ | ٥عه | ١٩٢ | ١٧ع | ع |
| ١٨ | ١ع | ع | عه | ١و٢ |
| رسول الله | محمّد | الا الله | الله | لا |

# યા ફત્તાહો

આ ઈસ્મને રવિવારના દિવસે ૪૮૯ વખત પઢે તો ખુદાએ તઆલા તેને દરેક કામમાં સફળતા નસીબ કરે વિગેરે..

# સોમવાર

આ નકશાને સોમવારના દિવસે જોવે તો આફતોથી રક્ષણ મળે અને દુશ્મનની બદીથી હિફાઝતમાં રહે વિગેરે..

| | | | | |
|---|---|---|---|---|
| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| ١٥ | ١٧ | ٨ | ١٨١ | ١ |
| ٥عه | ١٧٣ | ٧ | ع | ٨ |
| ٨٦ | یاالله | ٢٧٢ | ١٤ | ٦ |
| ٧١٤ | ١٨٧٤ | ٣٤ | ١٨ | ٤٢ |
| رسول الله | محمد | الا الله | الله | لا |

# યા લતીફો

આ ઈસ્મને સોમવારના દિવસે ૧૨૯ વખત પઢે તો ખુદાએ તઆલા તેને માલ દોલત નસીબ કરે વિગેરે..

# મંગળવાર

આ નકશાને મંગળવારના દિવસે જોવે તો બીજા સોમવાર સુધી તમામ બલાઓથી બચે. અલ્લાહ તઆલા તેના ગુનાહ માફ કરે અને જે દુઆ માંગે તે કબૂલ થશે વિગેરે..

| | | | | |
|---|---|---|---|---|
| الغوث | یا خالق | الغوث | الغوث یا مغیث | الغوث یا غوث |
| وعو | ۸ع | ۸۷۱ | ۱۸ | ۹۱ |
| ۲لا | ۷ | ۲۴ | ۷ | ۵ع۳ |
| ۵ع۳ | ۲ | ۱ | ۲۲ | ۲۲ |
| ۴۴۵ع | عہ | ۱ع | ۵عہ | ۲۹ |
| رسول الله | محمد | الا الله | الله | لا |

# યા કાંબેઝોં

આ ઈસ્મને મંગળવારના દિવસે ૧૦૦૩ વખત પઢે તો તેની જે ઈચ્છા હોય તે પૂર્ણ થાય.

# બુધવાર

આ નકશાને બુધવારના દિવસે જોવે તો તમામ આફતો અને બીમારીઓથી તે મહિનામાં સુરક્ષિત રહે અને મોટા લોકો સમક્ષ માનવંતો થાય વિગેરે..



| | | | | |
|---|---|---|---|---|
| یا رزاق | یا قدوس | یا الله | یا فتاح | یا الله |
| ٩٨ | ١١٨ | ٨١٨٨ | ٧١ | ١١ |
| ٣ | ٣ | ٧ | ١٨ | ١٨ |
| ٣ | ٢٨٢ | ٢١ | ع | ع |
| رسول الله | محمد | الا الله | الله | لا |

# યા મુતઆઁલો

આ ઈસ્મને બુધવારના દિવસે ૫૪૧ વખત પઢે તો અલ્લાહ તઆલા દીન દુનિયાની ઈઝ્ઝત નસીબ કરે વિગેરે..

# ગુરૂવાર (જુમેરાત)

આ નકશાને જુમેરાતના દિવસે જોવે તો ખલ્કતની નઝરમાં માનવંતો થાય અને ગૈબથી રોઝી નસીબ થાય વિગેરે..

| | | | | |
|---|---|---|---|---|
| یاسبّوح | یافتّاح | یاالله | یاودود | یابدوح |
| ٢٢ | ٧١ | ٥٥ | ٢٢ | ١ |
| ٢٠٢ | ٣ | ١٣ | ٧ | ٢١ |
| ٣ | ٣ | ١٣ | ٧ | ع |
| رسول الله | محمد | الله | الا | لا اله |

# યા રઝ્ઝાકો

આ ઈસ્મને જુમેરાતના દિવસે ૩૦૮ વખત પઢે તો અલ્લાહ તઆલા દોસ્ત નસીબ કરે વિગેરે..

# શુક્રવાર (જુમ્આ)

આ નકશાને જુમ્આના દિવસે જોવે તો તે આખો દિવસ દુશ્મનની બદીથી બચે અને અલ્લાહ તઆલા પોતાની રહેમતથી તેના ગુનાહ માફ કરે વિગેરે..

| | | | | |
|---|---|---|---|---|
| مليقا | ما في قلوبهم | انت تعلم | مليقا | مليتما |
| ١٨ | ٢ | ٤ | ٢١٤ | ١ |
| ١٣ | ١٢ | ٥٥٧٥ | ع٥ق | ٥ے |
| ١٣ | ١٢ | ٥٤ | ١٥ | ۴٤٨٢ |
| ای | محمد را | ١٣٥ | ٥٢٤ | ٥٥٢٥ |
| رسول الله | محمد | الله | اِلّاَ | لا اله |

# યા નૂરો

આ ઈસ્મને જુમ્આના દિવસે ૨૫૬ વખત પઢે તો અલ્લાહ તઆલા તેને માનવંતો કરે વિગેરે..

# હંમેશા જોવાનો નકશો

આ નકશાને હંમેશા એક વખત જોયા કરે તો હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની ઝિયારત કરવા જેટલો સવાબ મળે અને અલ્લાહ તઆલા તેના ગુનાહ માફ કરે વિગેરે..

| | | | | |
|---|---|---|---|---|
| ملیقا | مافی قلوبهم | انت تعلم | ملیقا | ملیقا |
| ١٨ | ٢ | ع | ٢١ع | ١ |
| ١٣ | ١٢ | ٥٥٧٥ | عـ٥ـص | ٥ے |
| ١٣ | ١٢ | ٥ع | ١٥ | ۴ع٨٢ |
| ای | محمد را | ١٣٥ | ٥٢ع | ٥٥٢٥ |
| رسول الله | محمد | الله | الا | لا اله |

# યા બાઐસોં

આ ઈસ્મને હંમેશા સૂતી વખતે છાતી ઉપર હાથ રાખીને ૧૦૦ વખત પઢીને છાતી ઉપર ફેરવે તો અલ્લાહ તઆલાની મઅરેફતનું નૂર નસીબ થાય.

# નમાઝ પછી પઢવાની કેટલીક આયતો સવાબ સહિત

હઝરત ઇમામે જાફરે સાદિક (અ.સ.) ફરમાવે છે:

જે વખતે હક તઆલાએ **આયતુલ કુરસી, આયએ શહાદત, આયએ મુલ્ક** ને જમીન ઉપર નાઝિલ થવા હુકમ કર્યો તો એ આયતોએ કહ્યું કે ખુદાવંદા તું અમોને ગુનેહગાર ખતાવાળા લોકો તરફ મોકલે છે !!? તો હક તઆલાએ વહી ફરમાવી કે તમો જમીન ઉપર જાઓ, હું મારી ઇઝ્ઝત અને જલાલની કસમ ખાઇને કહું છું કે આલે મોહમ્મદ (અ.મુ.સ.) અને તેઓના શિયાઓમાંથી જે કોઇ પઢશે, તો હું મારી છુપી રહમતોમાંથી તેના તરફ સિત્તેર વખત રહમતની નજર કરીશ અને તેની તૌબા કબૂલ કરીશ. ભલે પછી તેના મોટા ગુનાહ હોય.

અને રિવાયતમાં છે કે ખુદાએ ફરમાવ્યું કે જે કોઇ એ આયતોને દરેક ફરજ (વાજિબ) નમાઝ પછી પઢે, તો હું તેને "હઝીરએ કુદ્દૂસ" નામના સ્થળે રાખીશ. અગરચે તેણે ગમે તે જાતના ગુનાહ કર્યા હોય. અગર જો એમ નહીં કરૂં. તો તેની તરફ પોતાની ખાસ રહમતથી જોઇશ અને અગર જો તેમ પણ નહીં કરૂં, તો તેની સિત્તેર હાજતો પૂરી કરીશ કે તેમાંથી નાની હાજત ગુનાહોની સજા ન કરવાની છે. અગર એમ પણ નહીં કરૂં તો તેને દરેક દુશ્મનની ઇજાથી મારી પનાહમાં રાખીશ અને તેના દુશ્મનોના મુકાબલામાં તેની મદદ કરીશ અને તેને બેહિશ્તમાં દાખલ થવામાં મોત સિવાય બીજી કોઇ ચીજ આડે નહીં આવે અને એ આયતો "અલ્હમ્દનો સૂરો, આયતુલ કુરસી, આયએ શહાદત અને આયએ મુલ્ક" છે.

અલ્હમ્દનો સૂરો સર્વે કોઇ જાણે છે અને બાકીની ચીઝો નીચે લખવામાં આવે છે.

# આયતુલ કુરસી

બિસ્મિલ્લાહિર રહેમાનિર રહીમ

અલ્લાહો લા ઈલાહ ઈલ્લા હોવલ હૈય્યુલ કૈય્યૂમ, લા તઅખોઝોહૂ સેનતુવઁલા નવ્મ, લહૂ મા ફિસ્સમાવાતે વમા ફિલ અર્ઝ, મન્ઝલ્લઝી યશફઓ ઈન્દહૂ ઈલ્લા બેઈઝ્નેહ, યઅલમો મા બયન અયદીહિમ વમા ખલ્ફહુમ, વલા યોહીતુન બે શયઈમ મિન ઈલ્મેહી ઈલ્લા બેમાશાઅ, વસેઅ કુરસીય્યોહુસ્સમાવાતે વલઅર્ઝ, વલા યઉદોહૂ હિફઝોહોમા, વ હોવલ અલિય્યુલ અઝીમ, લા ઈકરાહ ફિદ્દીન, કત તબય્યનર રૂશ્દો મેનલ ગય્ય, ફમંય્યકફૂર બિત્તાગૂતે વ યોઅમિમ બિલ્લાહે ફકદિસ તમ્સક

બિલઉંરવતિલ વુસ્કાં, લન્ફેસાંમ લહા, વલ્લાહો સંમીઉંન અંલીમ, અલ્લાહો વલીય્યુલ્લઝીન આમનૂ યુખંરિજુહુમ મેનઝઁઝોલોમાતે એલન્નૂર, વલ્લઝીન કફરૂ અવ્લેયાઓહોમુત્તાગૂંતો યુખંરિજૂનહુમ મેનન્નૂરે એલઝઁઝોલોમાત, ઉલાએક અસ્હાંબુન નાર, હુમ ફીહા ખાંલેદૂન.

–સૂરએ બકરહ. આયત નં.૨૫૫–૨૫૭

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે : આયતુલ કુરસીની બરાબર બીજી કોઇ આયત નથી.

હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ફરમાવે છે: હઝરતે રસૂલે ખુદા (સ.અ.વ.) એક દિવસ મિમ્બર ઉપર ફરમાવતા હતા કે: જે કોઇ ફરજ (વાજિબ) નમાઝ બાદ આયતુલ કુરસી પઢે, તો તેને મોત સિવાય બીજી કોઇ ચીઝ બેહિશ્તમાં

જવાને આડી નથી અને જે સિદ્દીક અથવા આબિદ હોય તેજ તેને હંમેશા પઢે છે. જે કોઇ સુવાની પહેલાં પઢે, તો તેને ખુદા અમાન આપે, જેટલા ઘર તેની અતરાફ (આજુ બાજુ) છે, સર્વેને અમાન આપે.

હઝરતે ફરમાવ્યું કોઇ આયતુલ કુરસીને ફરજ નમાઝની બાદ પઢે તો આસમાન ફાટી જાય, (દરવાજા ખુલ્લા થાય) અને જ્યાં સુધી પઢનારા ઉપર ખુદા પોતાની રહમત ન મોકલે અને તેના ગુનાહ માફ ન કરે, ત્યાં સુધી આસમાનના દરવાજા બંધ નથી થતા.

જે કોઇ મોઅમીન આયતુલ કુરસી પઢે અને તેનો સવાબ ગુજરી ગયેલા (મર્હુમ) મોમીનોની રૂહોને બક્ષી આપે, તો અલ્લાહ તઆલા તેઓની કબરમાં ચાલીસ નૂરાની મશાલો દાખલ કરે અને તેઓની કબરો પહોળી અને નૂરાની કરે છે. તે પઢનારા માટે સાંઇઠ પયગંબરોનો સવાબ આપે અને તેના જેટલા અક્ષર છે તેની ગણત્રી પ્રમાણે

ફરિશ્તાઓને ખુદા પેદા કરે છે અને તે ફરિશ્તાઓ ક્યામત સુધી તેના માટે ખુદાની તસ્બીહ કર્યા કરે છે.

હઝરતે ઇમામે મોહમ્મદ બાકિર (અ.સ.) ફરમાવે છે: જે કોઇ આયતુલ કુરસીને એક વખત પઢે, તો દુનિયા અને આખેરતની એક હજાર મકરૂહ (અણગમતી બાબતો)ને ખુદા દૂર કરે અને એવી મકરૂહ બાબતોમાં દુનિયામાં નાનામાં નાની મોહતાજી છે અને આખેરતમાં નાનામાં નાનો કબરનો અઝાબ છે.

(૧) મનકૂલ છે કે કોઇ હંમેશા ફરજ (વાજિબ) નમાઝની બાદ "આયતુલ કુરસી" પઢે તો ફકીરી અને દરવેશીથી અમાનમાં રહે અને અલ્લાહ તઆલા તેને ઘણો જ માલ આપે અને તેની રોઝીમાં બરકત આપે.

(૨) જે કોઇ સવારે અને સાંજે પઢે, તો ચોર અને લૂંટારાઓથી અમાનમાં રહે અને ચોરને માલ મળવા ન પામે અને પોતે પણ આગથી બચે અને

સાંપ-વિંછુની આફતથી પણ અમાનમાં રહે અને જિન કે ઇન્સાન તેને ઇજા પહોંચાડી ન શકે.

મનકૂલ છે કે અગર આયતુલ કુરસીને લખીને ખેતરમાં દાટે, તો એ ખેતર ચોર અને નુકસાનીથી રક્ષણમાં રહે અને તેમાં મોટી બરકત થાય અને ઘરના દરવાજા ઉપર રાખે, તો ચોર અંદર પેસી ન શકે અને મરવાની પહેલાં પઢે, તો પોતાની જગ્યા બેહિશ્તમાં જુએ.

“નાજી” કહે છે કે આયતુલ કુરસીની બરકત મેં નજરે જોઇ છે અને ચોરથી અમાન મળી છે અને કેટલીક વખતે વિકટ મુસાફરીમાં તેના આધારે હિમ્મત રહી અને કોઇ જાતની હરકત (ઈજા) પહોંચી નથી.

# આયએ શહાદત

બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ

શહેદલ્લાહો અન્નહૂ લૉ ઈલાહ ઈલ્લા હોવ, વલ્ મલૉએકતો વ ઓલુલ્ ઈલ્મે કૉએમમ્ બિલ્કિસ્તં, લૉ ઈલાહ ઈલ્લા હોવલ્ અઝીઝુલ્ હકીમ, ઈન્નદીન ઈન્દલ્લાહિલ્ ઈસ્લામ, વ મખ્તલફલ્ લઝીન ઊતુલ્ કિતાબ ઈલ્લા મિમ્ બઅદે મા જૉઅહોમુલ્ ઈલ્મો બગ્યમ્ બયનહુમ્, વ મંય્યકફુર બે આયાતિલ્લાહે ફ ઈન્નલ્લાહ સરીઉલ્ હિસાબ.

–સૂરએ આલે ઈમરાન, આ. ૧૮, ૧૯

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે એ (ઉપરોક્ત) આયત પઢે, તે વખતે "હકીમ" પછી "વ અના અલા ઝાલેક મેનશ્શાહેદીન" કહે તો જેટલા અક્ષર છે, તેની ગણત્રી પ્રમાણે

ખુદાવંદે કરીમ ફરિશ્તાઓ પેદા કરે અને તે ફરિશ્તાઓ કયામત સુધી તેના માટે ઇસ્તિગફાર કર્યા કરે અને ખુદાએ તઆલા તેના માટે બેહિશ્તના દરવાજાઓ ખોલી આપે અને તેના માટે દોઝખના સાત દરવાજાઓ બંધ કરે.

હઝરતે ફરમાવ્યું કે જે કોઇ આ આયતને સૂતી વખતે પઢે, તો ખુદાએ તઆલા સિત્તેર હજાર ફરિશ્તાઓ પેદા કરે કે જેઓ કયામત સુધી તેના માટે ઇસ્તિગફાર કર્યા કરે.

વળી તેજ હઝરતે ફરમાવ્યું કે બે ફરિશ્તાઓ હવાની અંદર આપસમાં મળ્યા અને મુલાકાત કરીને એકબીજાને કહ્યું: “તું કયાંથી આવે છે!!?”

તેણે કહ્યું કે એક બંદએ ગુનેહગાર પાસેથી આવું છું, કે તે આજે ગુનાહમાં મશગૂલ હતો એના ગુનાહોની એક કાળી કિતાબ લઇને આસમાન ઉપર જાઉં છું.

બીજા ફરિશ્તાએ કહ્યું કે જે વખતે તું તેના ગુનાહની કિતાબ લઇને નીકળ્યો તેજ વખતે તે

શહેદલ્લાહની આયત (આયતએ શહાદત) પઢ્યો, તેથી હક તઆલાએ ફરમાવ્યું કે તે મારા ઉપર ઇમાન લાવ્યો, મને ઓળખ્યો તેના તમામ ગુનાહ માફ કરી દીધા.

ઉપરોક્ત વર્ણન થયેલ આયત નમાઝ પછી પઢવામાં ઘણો સવાબ છે.

# આયએ મુલ્ક

બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ

કોલિલ્લાહુમ્મ માલેકલ મુલ્કે તોઅતિલ મુલ્ક મન્તશાઓ, વ તન્ઝેઉલ મુલ્ક મિમ્મન તશાઓ, વ તોઈઝ્ઝો મન્તશાઓ વ તોઝિલ્લો મન્તશાઅ, બેયદેકલ ખૈર, ઈન્નક અલા કુલ્લે શયઈન કદીર, તૂલેજુલ લયલ ફિન્નહારે વ તૂલેજુન્નહાર ફિલ્લયલે, વતુખ્રેજુલ હય્ય મેનલ મય્યેતે વ તુખ્રેજુલ મય્યેત મેનલ હય્ય, વતરઝોકો મન્તશાઓ બેગયરે હિસાબ.

–સૂ.આલે ઈમરાન, આ. ૨૬–૨૭

# આમનર રસૂલોની આયાત

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

આમનર રસૂલો બેમા ઉન્ઝેલ ઈલયહે મિર્રબ્બેહી વલ્મોઅમેનૂન, કુલ્લુન આમન બિલ્લાહે વ મલાએકતેહી વકોતોબેહી વ રોસોલેહ, લા નોફર્રેકો બયન અહદિમ મિર્રોસોલેહ, વ કાલૂ સમેઅના વ અતઅના ગુફરાનક રબ્બના વ ઈલયકલ મસીર, લાયોકલ્લેફુલ્લાહો નફસન ઈલ્લા વુસઅહા, લહા મા કસબત વ અલયહા મકતસબત, રબ્બના લા તોઆખિઝના ઈન નસીના અવ અખ્તઅના, રબ્બના વલા તહમિલ અલયના ઈસ્રન કમા હમલતહૂ

અલલ્ લઝીન મિન્ કબ્લેના, રબ્બના વલા તોહમ્મિલ્ના મા લા તાકત લનાબેહ, વઅ્ફો અન્ના, વગ્ફિર્લના, વરહમ્ના, અન્ત મવ્લાના ફન્સુર્ના અલલ્ કવ્મિલ્ કાફેરીન.

–સૂ.બકરહ, આ.૨૮૫–૨૮૬

આ આયત પઢવાનો ઘણો સવાબ છે અને મેઅરાજની રાત્રે હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) અને હક્તઆલા વચ્ચે થયેલ પ્રશ્નોતરીનું તેમાં વર્ણન છે. આ બંને આયત ખાસ કરીને ઇશાની નમાઝ પછી પઢવાની ફઝીલત ઘણી વધારે છે. ઇશાની નમાઝ પછી બંને આયતોને પઢે તો એવું છે કે જાણે તેણે આખી રાત જાગીને ખુદાની ઇબાદત કરી હોય અને બંને આયત પઢનારની દીન અને દુનિયાની તમામ હાજતો પૂરી થાય અને શૈતાન તેની પાસે આવવા પામતો નથી વગેરે.

## તસ્બીહે ફાતેમા ઝહરા (સ.અ.) પઢવા પછી આ મુજબ કહે :

અલ્લાહુમ્મ અન્તસ્સલામો, વ મિન્કસ્સલામો, વ લકસ્સલામો, વ અલય્ક યઉદુસ્સલામો, સુબ્હાન રબ્બેક રબ્બિલ ઈઝઝતે અમ્મા યસેફૂન વ સલામુન અલલ મુરસલીન, વલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન. અસ્સલામો અલય્ક અય્યોહન નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અલલ અઈમ્મતિલ હાદીનલ મહદીય્યીન, અસ્સલામો અલા જમીએ અમ્બિયાઈલ્લાહે વ રોસોલેહી વ મલાએક્તેહી, અસ્સલામો અલય્ના વ

અઁલા અબાદિલ્લાહિસ્ સાલેહીન, અસ્સલામો અઁલા અઁલીય્યિને અમીરિલ મુઅ્મેનીન, અસ્સલામો અઁલલ હઁસને વલ હુઁસયને સય્યેદય શબાબે અહ્લિલ જન્નતે અજ્મઈન. અસ્સલામો અઁલા અઁલીય્યિબ્નિલ હુઁસયને ઝયનિલ આંબેદીન, અસ્સલામો અઁલા મોહઁમ્મદિબ્ને અઁલીય્યિને બાકેરે ઈલ્મિન નબીય્યીન, અસ્સલામો અઁલા જઅ્ફરિબ્ને મોહઁમ્મદિનિસ્ સાદિકે, અસ્સલામો અઁલા મૂસબ્ને જઅ્ફરિનિલ કાઝિમે, અસ્સલામો અઁલા અઁલીય્યિબ્ને મૂસર્રેઝાં, અસ્સલામો અઁલા મોહઁમ્મદિબ્ને અઁલીય્યીનિલ જવાદે, અસ્સલામો અઁલા અઁલીય્યિબ્ને મોહઁમ્મદિનિલ હાદી, અસ્સલામો અઁલલ

હસનિબ્ને અલીય્યીનિઝ્ ઝકીયિલ્ અસ્કરીય્યે, અસ્સલામો અલલ્ હુજ્જતિબ્નિલ્ હસનિલ્ કાએમિલ્ મહ્દીય્યે સલવાતુલ્લાહે અલયહિમ્ અજ્મઈન.

# સુબ્હની નમાઝ બાદ પઢવાની દુઆ

મનકુલ છે કે જે કોઇ આ દુઆ સુબ્હની નમાઝ બાદ પઢે, તો જે હાજત માંગે તે કબૂલ થાય અને હક તઆલા તેની મુશ્કિલોને આસાન કરે:

બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ

બિસ્મિલ્લાહે વ સલ્લલ્લાહો અલા મોહમ્મદિંવ વ આલેહ, વ ઉફવ્વેઝો અમ્રી ઈલલ્લાહ, ઈન્નલ્લાહ બસીરૂમ બિલ ઈબાદ, ફ વકાહુલ્લાહો સય્યેઆતે મા મકરૂ લા ઈલાહ ઈલ્લા અન્ત, સુબ્હાનક ઈન્ની કુન્તો મિનઝ઼ ઝાલેમીન, ફસ્તજબ્ના લહૂ વ નજ્જયનાહો મિનલ ગમ્મ, વ કઝાલેક નુન્જિલ મુઅમેનીન, હસ્બોનલલાહો વ નેઅમલ વકીલ, ફન્કલબૂ બે નેઅમતિમ

મિનલ્લાહે વ ફઝ્લિલે લમ્ યમસસહુમ્ સૂઅ્, માશાઅલ્લાહો લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ, માશાઅલ્લાહો લા માશાઅન્નાસ, માશાઅલ્લાહો વઈન્ કરેહન્ નાસ, હસ્બેયર રબ્બો મિનલ્ મરબૂબીન, હસ્બેયલ્ ખાલેકો મિનલ્ મખ્લૂકીન, હસ્બેયર રાઝેકો મિનલ્ મરઝૂકીન, હસ્બોયલ્લાહો રબ્બુલ્ આલમીન, હસ્બી મન્ હોવ હસ્બી, હસ્બી મલ્ લમ્ યઝલ્ હસ્બી, હસ્બી મન્ કાન મુઝ્ કુન્તો લમ્ યઝલ્ હસ્બી,હસ્બેયલ્લાહો લા ઈલાહ ઈલ્લા હોવ અલયહ તવક્કલ્તો, વ હોવ રબ્બુલ અરશિલ અઝીમ.

– કુલ્લીયાતે મફાતિહુલ જિનાન, પેજ.૩૮

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

અલ્લાહના નામથી અને તેની જ તવફીકથી હું (દુઆને) શરૂ કરૂં છું કે અય અલ્લાહ! હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) અને તેમની આલ ઉપર દોરૂદ મોક્લ, હું મારા કામને ખુદાને સોંપુ છું અને મને યકીન છે કે ખુદાએ તઆલા પોતાના બંદાઓની હાલતથી સારી પેઠે વાકેફ છે. અલ્લાહ પોતાના બંદાઓને લોકોના મક્રો-શરથી બચાવનાર છે. અય અલ્લાહ! ખરેખર તારા સિવાય બીજો કોઇ માઅબૂદ નથી. હું તને પાકીઝા જાણું છું, અને ખરેખર હું ઝાલિમોમાંથી હતો, અય અલ્લાહ! તેં કહ્યું છે કે “મેં મારા બંદા (યુનુસ અ.સ.)ની દુઆ કબૂલ કરી અને તેને ગમથી નજાત આપી અને અમે આ જ પ્રમાણે મોઅમીનોને નજાત આપીએ છીએ.” અય અલ્લાહ! તું અમારા માટે કાફી છે અને તું અમારો સારો વકીલ છે, અલ્લાહ તઆલાની

નેઅમત અને તેનો ફઝલ લઇને પાછા ફર્યા અને તેમને કોઇ બદીએ સ્પર્શ કર્યો નહીં. ખરેખર જે કાંઇ અલ્લાહ તઆલા ચાહે છે તે જ થાય છે. દરેક શક્તિ અલ્લાહની મદદથી છે. અલ્લાહ જે ચાહશે તે જ થશે, ન કે જે કાંઇ લોકો ચાહશે, જે કાંઇ ખુદાએ તઆલા ચાહે એજ થાય છે. અગરચે લોકો તેનાથી અણગમો રાખે. મારા માટે મારો રબ પાલન પોષણ કરેલાના મુકાબલામાં કાફી છે, મારા માટે મારો ખાલિક મખલૂક્ના મુકાબલામાં કાફી છે. તમામ જહાંનનો પાલનહાર મારા માટે કાફી છે, બસ તે જ મને બસ છે કે જે હંમેશા મારા માટે કાફી રહ્યો. તેજ મારા માટે બસ છે કે મારા જન્મથી જ મારા માટે કાફી છે. તેજ અલ્લાહ મારા માટે કાફી છે. તેના સિવાય કોઇ માઅબૂદ નથી, તેના જ ઉપર હું તવક્કલ કરૂં છું અને તેજ મહાન અર્શનો માલિક છે.

# ઝોહરની નમાઝ બાદ પઢવાની દુઆ

બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ

લા ઈલાહ ઈલ્લલ્લાહુલ અઝીમુલ હલીમ, લા ઈલાહ ઈલ્લલ્લાહો રબ્બુલ અરશિલ કરીમ, અલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન, અલ્લાહુમ્મ ઈન્ની અસઅલોક મૂજેબાતે રહ્‌મતેક, વ અઝાઈમ મગ્ફેરતેક, વલ ગનીમત મિન કુલ્લે બિર, વસ્સલામત મિન કુલ્લે ઈસ્મ, અલ્લાહુમ્મ લા તદઅ લી ઝમ્બન ઈલ્લા ગફરતહ, વલા હમ્મન ઈલ્લા ફર્રજતહ, વલા સુક્મન ઈલ્લા શફયતહ, વલા અયબન ઈલ્લા સતરતહ, વલા રિઝ્કન

ઈલ્લા બસર્તિતહ, વલા ખૌવ્ફને ઈલ્લા આમનતહ, વલા સૂઅને ઈલ્લા સૌરફતહ, વલા હાજતને હેય લક રેઝાં, વ લેય ફીહા સલાહુને ઈલ્લા કઝયતહા, યા અરહમર રાહેમીન, આમીન રબ્બલ આલમીન.

– કુલ્લીયાતે મફાતિહુલ જિનાન, પેજ.૩૧

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

અલ્લાહ બુઝુર્ગ અને સહનશીલ સિવાય કોઇ બરહક માઅબૂદ નથી. તે અલ્લાહ સિવાય કોઇ બરહક માઅબૂદ નથી કે જે મહાન અર્શનો માલિક છે અને તમામ તાઅરીફ અલ્લાહ તઆલા માટે છે કે તે તમામ જહાનનો પાળવાવાળો છે. અય અલ્લાહ! હું તારી પાસે એ બાબતો ચાહું છું જે તારી રહમતને વાજિબ કરે અને જે તારી બક્ષિસને ખાતરીપૂર્વક કરી આપે અને હું દરેક નેકીનો ફાયદો ચાહું છું, અને દરેક ગુનાહથી સલામતી ચાહું છું.

અય અલ્લાહ! મારા કોઇ પણ ગુનાહને માફ કર્યા વિના મૂકીશ નહીં અને કોઇ બેચેનીને દફે કર્યા વિના મૂકીશ નહીં અને મારો કોઇ પણ રંજને દૂર કર્યા વિના રહીશ નહીં અને મારી કોઇ પણ બીમારીને શિફા આપ્યા વિના રહીશ નહીં, અને મારો કોઇ પણ ઐબને છુપાવ્યા વિના મૂકીશ નહીં અને મારી કોઇ રોઝીને બહોળી કર્યા વિના મૂકીશ નહીં અને મારો કોઇ પણ ખૌફને નિર્ભય કર્યા વિના મૂકીશ નહીં અને મારી કોઇ પણ બૂરાઇને દૂર કર્યા વિના મૂકીશ નહીં અને મારી એવી કોઇ પણ હાજતને જે તારી મરજી પ્રમાણે હોય અને જેમાં મારા માટે ભલાઇ હોય તેને પૂરી કર્યા વિના મૂકીશ નહીં. અય સર્વેથી વધારે રહ્મ કરવાવાળા! અય તમામ દુનિયાઓના પરવરદિગાર, મારી દુઆને કબૂલ ફરમાવ.

# અસ્રની નમાઝ બાદ પઢવાની દુઆ

બિસ્મિલ્લાહિર રહ્માનિર રહીમ

સુબ્હાનલ્લાહે વલ્હમ્દો લિલ્લાહે વ લા ઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર, વલા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીયિલ અઝીમ, સુબ્હાનલ્લાહે બિલ ગોદુવ્વે વલઆસાલ, સુબ્હાનલ્લાહે બિલ અશિય્યે વલઈબ્કાર, સુબ્હાનલ્લાહે હીન તુમ્સૂન વ હીન તુસ્બેહૂન, વ લહુલ્હમ્દો ફિસ્સમાવાતે વલઅરઝ, વ અશીય્યન વ હીન તુઝ્હેરૂન, સુબ્હાન રબ્બેક રબ્બિલ ઈઝ્ઝતે અમ્મા યસેફૂન, વ સલામુન અલલ મુરસલીન, વલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ

આ઼લમીન, સુબ્હાન ઝિલ્ મુલ્કે વલ્ મલકૂત, સુબ્હાન ઝિલ્ ઈઝઝતે વલ્ જબરૂત, સુબ્હાનલ્ હંયિયલ્ લઝી લા યમૂત, સુબ્હાનલ્ કાએમિદ્દાએમ, સુબ્હાનલ્ હંયયિલ્ કંય્યૂમ, સુબ્હાનલ્ અંલીયિયલ્ અઅંલા, સુબ્હાનહૂ વ તઆ઼લા, સુબ્બૂહુંન કુંદૂસુન રબ્બોના વ રબ્બુલ્ મલાએકતે વર્રૂહ, અલ્લાહુમ્મ ઈન્ન ઝંમ્બી અમ્સા મુસ્તજીરન બેઅંફવેક, વ ખંવફી અમ્સા મુસ્તજીરન બેઅમ્નેક, વ ફકરી અમ્સા મુસ્તજીરન બેગેનાક, વ ઝુંલ્લી અમ્સા મુસ્તજીરન બેઈઝઝેક, અલ્લાહુમ્મ સંલ્લે અંલા મોહંમ્મદિન વ આલે મોહંમ્મદ, વગ્ફિરલી વરહંમ્ની ઈન્નક હંમીદુમ મજીદ, અલ્લાહુમ્મ તમ્મ નૂરોક ફહદયત

ફલકલ હમ્દ, વ અઝોમ હિલ્મોક, ફઅફવ્ત ફલકલ હમ્દ, વજહોક રબ્બના અકરમુલ વોજૂહ, વ જાહોક અઅઝમુલ જાહ, વ અતિયતોક અફઝલલ અતાઅ, તોતાઓ રબ્બોના ફતશકોરો, વતોઅસા ફતગ્ફેરો વ તોજીબુલ મુઝતર, વ તકશેફુઝ ઝુર્ર વ તુન્જી મેનલ કર્બ, વ તુગનિલ ફકીર, વ તશફિસ્સકીમ, વલા યોજાઝી આલાએક, અહદુન યા અરહમર રાહેમીન.

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

અલ્લાહ તઆલાને હું પાક સમજું છું. તમામ તાઅરીફ ખુદાને માટે જ છે. અલ્લાહ સિવાય કોઇ બરહક માઅબૂદ નથી. અલ્લાહ તઆલા એથી વધારે બુઝુર્ગ છે કે કોઇ તેની હકીકી તાઅરીફ બયાન કરી શકે. અને કોઇ શક્તિ નથી પણ એ

અલ્લાહ તરફથી કે જે મહાન અને બુઝુર્ગ છે. હું અલ્લાહને દરેક સવારે અને સાંજે પાક જાણી યાદ કરૂં છું, હું અલ્લાહને દરેક રાત્રિના વખતે અને વહેલી સવારે પાક સમજી યાદ કરૂં છું. અલ્લાહ તઆલા એ વખતે પણ પાક છે જ્યારે તમો સાંજ કરો છો અને તમો સવાર કરો છો, એના જ માટે તમામ તાઅરીફ આસમાનો અને જમીનમાં અને સાંજે તથા બપોરના વખતે છે. તેઓ જે વર્ણવે છે તેનાથી મહાન અલ્લાહ પાક છે અને તમામ રસૂલો ઉપર સલામ થાય અને તમામ તાઅરીફ અલ્લાહ તઆલા માટે છે કે એ તમામ દુનિયાઓનો પાલનહાર છે. એ અલ્લાહ પાક છે કે જે બાદશાહી અને સલતનતવાળો છે. એ અલ્લાહ પાક છે કે જે ઇઝઝતવાળો અને સત્તાવાન છે. એ અલ્લાહ પાક છે કે તે એવો હયાત છે કે કદી મરનાર નથી. એ અલ્લાહ પાક છે કે જે હંમેશાથી કાયમ છે અને હંમેશા કાયમ રહેશે. એ અલ્લાહ પાક છે કે જે હયાત છે અને મહાન કાયમ રહેવાવાળો છે. એ

અલ્લાહ પાક છે કે જે બલંદ અને વધારે બલંદ છે. એજ અલ્લાહ પાક છે અને એ મહાન છે. એ બહુ જ પાક છે અને બહુ જ પવિત્ર છે. તે અમારો પરવરદિગાર અને મલાએકાનો અને રૂહનો પરવરદિગાર છે. અય અલ્લાહ! આજ સાંજે મારા ગુનાહની તારી પાસે બક્ષિશ અને પનાહ ચાહું છું અને મારો ખોફ આજે સાંજે તારી અમાનથી પનાહ માંગે છે. અને આજ સાંજે મારી ગરીબી તારી તવંગરીથી પનાહ માંગે છે, અને આજ સાંજે મારી બેઇઝઝતી તારી ઇઝઝતથી પનાહ માંગે છે, અય અલ્લાહ મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) ઉપર રહમત નાઝિલ ફરમાવ અને મને બક્ષી દે તથા મારા ઉપર રહમ કર, યકીનથી કહું છું કે તું તાઅરીફ કરવા લાયક અને બુઝુર્ગવાર છે. અય અલ્લાહ! તારૂં નૂર સંપૂર્ણ થયું અને તેં હિદાયત કરી તે વિશે તારો શુક્ર છે, અને તારી સહનશીલતા ઘણી જ મોટી છે અને તેં મને બક્ષ્યો તેથી તારો શુક્ર છે. તારૂં ધ્યાન તમામના ધ્યાન

કરતાં બલંદ છે. અને તારો મરતબો તમામ મરતબા કરતા બુઝુર્ગ છે. તારી બક્ષિશ (અતા) તમામ (અતા) કરતા બેહતર છે અય અમારા પરવરદિગાર! તારી ઇબાદત કરવામાં આવે તો કબૂલ કરે છો, અને તારી નાફરમાની કરવામાં આવે તો બક્ષી આપે છો. તું બેકસો લાચારની દુઆ કબૂલ કરે છે અને તકલીફને દૂર કરી આપે છો અને બેચેનીને દફે કરે છો, અને ગરીબને ગની કરે છો, અને બીમારને શફા આપે છો. તારી નેઅમતોનો કોઇ પણ શુક્ર અદા કરી શકતું નથી અય સર્વથી વધારે રહમ કરવાવાળા.

# મગરિબની નમાઝ બાદ પઢવાની દુઆ

બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક મૂજિબાતે રહ્‌મતેક, વ અઝાએમ મગ્ફેરતેક, વન્નજાત મેનન્નારે વ મિન કુલ્લે બલિય્યહ, વલ ફવ્ઝ બિલ જન્નતે વર રિઝ્વાને ફી દારિસ્સલામ, વ જવારે નબિય્યેક મોહમ્મદિન અલયહે વ આલેહીસ્સલામ, અલ્લાહુમ્મ માબેના મિન નેઅ્મતિન ફમિન્ક લા ઈલાહ ઈલ્લા અન્ત, અસ્તગ્ફેરોક વ અતૂબો ઈલયક.

– કુલ્લીયાતે મફાતિહુલ જિનાન, પેજ.૩૪

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

અય અલ્લાહ! હું તારી પાસે એ બાબતો માંગું છું કે જેથી તારી રહમત વાજિબ થાય છે અને તારી બક્ષિશને ખાતરીપૂર્વક કરી દે અને દરેક ગુનાહથી તારી પાસે સલામતી માંગું છું અને દરેક નેકીનો ફાયદો ચાહું છું અને દોઝખની આગથી નજાત માંગુ છું. અને દરેક બલાથી બચવા ચાહું છું, અને જન્નતને મળવાનું તથા ખુશનુદી અને સલામતીનું ઘર અને તારા નબી મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ (અ.મુ.સ.)નો પડોશ ચાહું છું. -તે તમામ ઉપર સલામ થાય.- અય અલ્લાહ! અમારી જે કાંઇ નેઅમતો છે એ તમામ તારી આપેલી છે, તારા સિવાય કોઇ બરહક માઅબૂદ નથી. હું તારી પાસે માફી ચાહું છું તૌબા કરૂં છું.

# ઇશાની નમાઝ બાદ પઢવાની દુઆ

હઝરત ઇમામે મોહમ્મદે બાકિર (અ.સ.) ફરમાવે છે: જે કોઇ આ નીચેની દુઆ ઇશાની નમાઝ બાદ પઢે, તો તે રાત અને તે દિવસ ચોરની ઇજાથી બચે.

બિસ્મિલ્લાહિર રહ્માનિર રહીમ

અઊઝો બેઇઝ્ઝતિલ્લાહ, વ અઊઝો બેકુદરતિલ્લાહ, વ અઊઝો બેમગ્ફેરતિલ્લાહ, વ અઊઝો બેરહ્મતિલ્લાહ, વ અઊઝો બેસુલ્તાનિલ્લાહિલ્લઝી હોવ અલા કુલ્લે શયઇન કદીર, વ અઊઝો બેકરમિલ્લાહ, વ અઊઝો બેજમઇલ્લાહે મિન કુલ્લે

જબ્બાઁરિને અઁનીદ, વ શયતાઁનિમ્ મરીદ, વ કુલ્લે મુગ્તાલિવ્ વ સારેકિઁન વ આઁરેઝિન, વ મિન્ શર્રિસ્ સાઁમ્મતે વલ્ હાઁમ્મતે વલ્ આઁમ્મહ, વ મિન્ શર્રે કુલ્લે દાબ્બતિન્ સઁગીરતિન્ અવ્ કબીરતિન્ બેલયલિન્ અવ્ નહારિન્, વ મિન્ શર્રે ફુસ્સાકિલ્ અઁરબે વલ્ અઁજમે વ ફુજ્જાઁરેહિમ્, વ મિન્ શર્રે ફસકતિલ્ જિન્ને વલ્ ઈન્સ, વ મિન્ શર્રે કુલ્લે દાબ્બતિન્, રબ્બી આખેઝુંન બેનાસેયતેહા, ઈન્ન રબ્બી અઁલા સેઁરાતિમ્ મુસ્તકીમ.

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

અય અલ્લાહ! તારી ઇઝઝત થકી હું પનાહ માંગું છું, તેમજ તારી કુદરત થકી પનાહ ચાહું છું અને અલ્લાહની બક્ષિશ થકી પનાહ માંગુ છું. અલ્લાહની રહમત થકી પનાહ માંગુ છું. અલ્લાહની બાદશાહત થકી પનાહ માંગુ છું તે એ અલ્લાહ કે જે

તમામ ચીઝો ઉપર શક્તિમાન છે હું અલ્લાહની મહેરબાની થકી પનાહ માંગુ છું. એવા લોકોની બદીથી કે જે ઘાતકી અને ઝાલિમ છે તેમજ દરેક તોફાની શૈતાનની બદીથી, દરેક કતલ કરવાવાળાથી અને દરેક ચોરથી અને દરેક ઇજા પહોંચાડવા માટે સામે આવવાવાળાથી અને ઝેરી જાનવરોથી અને કીડાઓથી અને તમામ ઇજા દેવાવાળાથી અને દરેક જમીન ઉપર ચાલવાવાળાની બદીથી, તે મોટું હોય કે નાનું હોય, રાત્રે ઇજા દેવાથી તેમજ દિવસે ઇજા દેવાથી અને ફાસિક અરબ અને અજમની ઇજાથી અને તેઓમાંના બદમાશોની ઇજાથી, તેમજ ફાસિક જિન અને ઇન્સાનથી, અને જમીન ઉપર ચાલનાર (જીવ જંતુઓ/પ્રાણી)ની ઈજાથી કે જેના ઉપર તારી કુદરતનો કબજો છે. ખરેખર મારા પરવરદિગારનો રસ્તો સીધો છે.

# બેશુમાર સવાબની દુઆ

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) જ્યારે મેઅરાજ ઉપર ગયા, ત્યારે એક ફરિશ્તાને જોયો કે તેને દસ લાખ માથા છે. દરેક માથામાં દસ લાખ ચેહરા છે. દરેક ચેહરામાં દસ લાખ મોઢા છે, દરેક મોઢામાં દસ લાખ ઝબાન છે અને દરેક ઝબાનથી દસ લાખ પ્રકારની ખુદાની તસ્બીહ કરે છે!.

એક દિવસ તેણે અલ્લાહ તઆલા પાસે અરજ કરી કે, "અય પરવરદિગાર! તારો એવો કોઇ બંદો છે કે જે મારા જેટલી ઇબાદત કરતો હોય!!?"

તે વખતે હક તઆલા તરફથી તેના ઉપર વહી આવી કે ઝમીન ઉપર એક એવો બંદો છે કે તેની ઇબાદત અને તસ્બીહ તારા કરતા વધારે છે. આ સાંભળી તેણે અરજ કરી અય ખુદાવંદા! મને રજા આપ, તો હું તેને જોવા માટે જાઉં.

હક તઆલાએ તેને રજા આપી, તેથી તે જમીન ઉપર ઉતરી તેની પાસે ગયો અને જોયું તો

ઇબાદત એ હતી કે નીચે લખેલી આ દુઆ દરેક નમાઝ પછી પઢતો હતો. મતલબ કે આ દુઆ પઢવામાં એવો સવાબ છે:

સુબ્હાંનલ્લાહે કુલ્લમા સબ્બહલ્લાહ શયઉન, વ કમા યોહિબ્બુલ્લાહો અંય યોસબ્બહ, વ કમા હોવ અહલોહ, વ કમા યમ્બગી લે કરમે વજ્હેહી વ ઈઝ્ઝે જલાલેહ,

વલ્ હમ્દો લિલ્લાહે કુલ્લમા હમેદલ્લાહ શયઉન, વ કમા યોહિબ્બુલ્લાહો અંય યુહમદ, વ કમા હોવ અહલોહ, વ કમા યમ્બગી લે કરમે વજ્હેહી વ ઈઝ્ઝે જલાલેહ,

વ લા ઈલાહ ઈલ્લલ્લાહો કુલ્લમા હલ્લલલ્લાહ શયઉન, વ કમા યોહિબ્બુલ્લાહો અંય યોહલ્લલ, વ કમા હોવ

અહ્લોહ, વ કમા યમ્બગી લે કરમે વજ્હેહી વ ઈઝ્ઝે જલાલેહ,

વલ્લાહો અક્બરો કુલ્લમા કબ્બરલ્લાહ શયઉન, વ કમા યોહિબ્બુલ્લાહો અંય્ યોકબ્બર, વ કમા હોવ અહ્લોહ, વ કમા યમ્બગી લે કરમે વજ્હેહી વ ઈઝ્ઝે જલાલેહ,

સુબ્હાનલ્લાહે વલ્ હમ્દો લિલ્લાહે વલા ઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અક્બર, અલા કુલ્લે નેઅમતિન્ અનઅમ બેહા અલય્ય, વ અલા કુલ્લે અહ્દિમ્ મિન્ ખલ્કેહી મિમ્ મન્ કાન અવ્ યકૂનો ઈલા યવ્મિલ્ કિયામહ,

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક અન્ તોસલ્લેય અલા મોહમ્મદિંવ્ વ આલે મોહમ્મદ, વ અસ્અલોક મિન્ ખયરે મા

અરજૂ વ ખૌંયરે મા લા અરજૂ વ અઉઝોંબેક મિન શરરે મા અહઝંરો વ મિન શરરે મા લા અહઝંર.

– કુલ્લીયાતે મ. જિનાન,પે.૨૭

અલ્લાહ પાક અને પાકીઝા છે, જ્યારે પણ કોઈ તેની તસ્બીહ કરે એવી તસ્બીહ કે અલ્લાહ ચાહે છે તેની તસ્બીહ કરવામાં આવે, અને જે તસ્બીહને તે લાયક છે અને જે તસ્બીહ તેની ઝાત, જલાલ અને ઇઝ્ઝતને શોભે છે.

સર્વે તાઅરીફ અલ્લાહ માટે છે, જ્યારે પણ કોઈ તેની તાઅરીફ કરે એવી તાઅરીફ કે અલ્લાહ ચાહે તેની તાઅરીફ કરવામાં આવે અને જે તાઅરીફને તે લાયક છે અને જે તાઅરીફ તેની ઝાત, જલાલ અને ઇઝ્ઝતને શોભે છે.

તેના સિવાય બીજો કોઈ ખુદા નથી, જ્યારે પણ કોઈ તેની તહલીલ્ કરે એવી તહલીલ અલ્લાહ ચાહે કે તેની એવી તહલીલ કરવામાં આવે અને જે તહલીલને તે લાયક છે અને જે તહલીલ તેની ઝાત,

જલાલ અને ઇઝ્ઝતને શોભે છે.

તે મહાન છે, જ્યારે પણ કોઈ તેની મહાનતા વર્ણવે છે એવી મહાનતા કે અલ્લાહ ચાહે કે તેની મહાનતા વર્ણવવામાં આવે અને જે મહાનતાને તે લાયક છે અને જે મહાનતા તેની ઝાત, જલાલ અને ઇઝ્ઝતને શોભે છે.

તે બેનિયાઝ છે અને તમામ તાઅરીફ તેના માટે છે, તેની સિવાય બીજો કોઈ ખુદા નથી, તે સૌથી બુઝુર્ગી છે. આપણે બધા તે નેઅમત ઉપર કે જે તેણે મને અથવા તેની બીજી કોઈ મખ્લૂક્ને અતા કરી છે, જે (મખ્લૂક) પસાર થઈ ગઈ છે અથવા ક્યામત સુધી આવનારી છે. (શુક્રગુઝાર છીએ.)

અય અલ્લાહ! હું તારી પાસે સવાલ કરૂં છું અને અરજ કરૂં છું કે મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) ઉપર સલવાત મોક્લ, અને સવાલ કરૂં છું કે જે નેક બાબતની હું ઉમ્મીદ રાખું અને જેના વિશે મને ખ્યાલ નથી તે પણ

અતા ફરમાવ, અને હું તારી પાસે જે બદીથી પનાહ માંગુ છું કે જેનાથી હું ડરૂં છું અને દૂર રહેવા ચાહું છું, અને એ બદીથી પણ બચાવ કે જે મારા ખ્યાલમાં નથી.

# હાજત પૂરી થવા અને મુશ્કેલ આસાન થવા માટે અજબ નમાઝ

હાજત પૂરી થવા માટે નીચેની નમાઝમાં બહુજ અજબ તાસીર છે. જે કોઇ હાજત હોય તે પૂરી થવાની નિય્યતથી બે-બે રકાત કરીને ચાર રકાત નમાઝ પઢે, સૌપ્રથમ બે રકાતની નિય્યત કરી "અલ્હમ્દ"નો સૂરો પઢીને પચ્ચીસ વખત આ મુજબ પઢે:

વ ઓફવ્વેઝોઁ અમ્રેરી એલલ્લાહે ઈન્નલ્લાહ બસીઁરૂમ્ બિલ્ એઁબાદ.

પછી રૂકૂઅ સજદા કરી બીજી રકઅતમાં 'અલ્હમ્દ'નો સૂરો પઢીને નીચે મુજબ પચ્ચીસ વખત પઢે.

લા ઈલાહ ઈલ્લા અન્ત સુબ્હાનક ઈન્ની કુન્તો મેનઝ્ઝાલેમીન ફસ્તજબ્ના લહૂ વ નજ્જયનાહો મેનલ્ ગમ્મે, વ કઝાલેક નુન્જિલ્ મોઅ્મેનીન.

પછી કુનૂત પઢી રૂકૂઅ-સજદા કરી તશહહુદ સલામ પઢીને નમાઝ તમામ કરે.

પછી બીજી બે રકાતની નિય્યત કરી 'અલ્હમ્દ' નો સૂરો પઢીને પચ્ચીસ વખત આ મુજબ પઢે:

હસ્બેયલ્લાહો વ નેઅ્મલ્ વકીલ.

પછી રૂકૂઅ સજદા કરી બીજી રકાતમાં 'અલ્હમ્દ'નો સૂરો પઢીને નીચે મુજબ પચ્ચીસ વખત પઢે.

લા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલીયિલ્ અઝીમ.

પછી કુનૂત પઢી રૂકૂઅ-સજદા કરી તશહુદ સલામ પઢીને નમાઝ તમામ કર્યા પછી પચ્ચીસ વખત સલવાત પઢીને તે બક્ષિશ કરનાર માલિકો મુખ્તાર પાસે પોતાની હાજત માંગે, એટલે ઇન્શાલ્લાહ હાજત પૂરી થશે. લખનાર લખે છે કે અજમાવેલ છે.

# મુશ્કેલ આસાન થવાની નમાઝ

હઝરત ઇમામ જાફરે સાદિક (અ.સ.)થી રિવાયત છે કે જેની ઉપર કોઇ મુશ્કેલ કામ આવી પડે તો સૂર્યોદય થવા પછી મરજી પઢે તેમ બે-બે રકાત કરીને છ રકાત નમાઝ પઢે. પછી કિબ્લા સામે હાથ ઊંચા કરીને આ દુઆ પઢે:

અલ્લાહુમ્મઅંતેના બિલઁઆંફેયતે મિનઁ હુંયસોં શેઅંત વ કયફ શેઅંત વ અન્ના શેઅંત ફઈન્નક તફઅંલો માશેઅંત કયફ શેઅંત

(ઇન્શાલ્લાહ હક તઆલા મુશ્કેલ આસાન કરશે.)

# રોઝીમાં વધારો થવા તથા કર્ઝ અદા થવા માટે

નમાઝે સુબ્હ પછી આ દુઆ પઢે, જે કિતાબ “મિન્હાજ”માં વર્ણન થઇ છે. આ દુઆ હંમેશા પઢતા રહેવાથી રોઝીમાં ખૂબજ વધારો થાય છે અને કર્ઝ પણ અદા થઇ જાય છે. આ દુઆ નીચે મુજબ છે:

બિસ્મિલ્લા હિર્ રહ્‌માનિર્ રહીમ

તવક્કલ્તો અ'લલ્ હંય્યિલ્લઝી લા યમૂત, વલ્હંમ્દો લિલ્લાહિલ્લઝી લમ્ યત્તખિંઝ વલદન્ વ લમ્ યકુલ્ લહૂ શરીકુન્ ફિલ્ મુલ્કે, વ લમ્ યકુલ્ લહૂ વલિયુમ્ મિનઝ્ ઝુલ્લે વ કબ્બિરહો તકબીરા. અલ્લાહુમ્મ ઇન્ની અઉઝો બેક મિનલ્ બઅ્સે

વલ ફકૅરે વ મિન ગૅલબતિદ દયને વસ્સુકૅમ, વ અસઅલોક અન તોઈનની અૅલા અદાએ હકૅકૅક એલયક, વ અદાએ હકૅકિન્નાસે એલન્નાસ.

# કર્ઝ અદા થવાનો અમલ

હુસૈન ઇબ્ને ખાલિદથી મનકૂલ છે, તેણે કહ્યું કે બગદાદમાં મારા ઉપર ત્રણ લાખ દિરહમનું કર્ઝ થયું અને તે સિવાય મારા ઉપર બીજું ચાર લાખ દિરહમનું કર્ઝ હતું. લેણદારો સતાવવા લાગ્યા અને હઝરત ઈમામ સાદિક (અ.સ.)ની પાસે જવાની શક્તિ ન હતી કે તેઓની ખિદમતમાં જઇ મારો હાલ બયાન કરૂં. પછી ઈમામની ખિદમતમાં કાગળ લખીને મારી તમામ હકીક્ત તેઓને જણાવી. ઈમામે જવાબમાં લખ્યું કે હંમેશા દરેક નમાઝ પૂરી થયા પછી આ મુજબ ત્રણ વખત પઢે, એટલે તારૂં કર્ઝ ઇન્શાઅલ્લાહ અદા થશે. ખુદાની કસમ એ દુઆ પઢતાં ચાર મહિના થયા ન હતા ત્યાં એ ત્રણ લાખ દિરહમનું કર્ઝ અદા થઇ ગયું અને એક લાખ દિરહમનો વધારો થયો તે દુઆ આ છે:

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક યા લા ઈલાહ ઈલ્લા અન્ત, બેહક્કે લા ઈલાહ ઈલ્લા અન્ત, અન્તરેહમની બેહક્કે લા ઈલાહ ઈલ્લા અન્ત, અલ્લાહુમ્ ઈન્ની અસ્અલોક યા લા ઈલાહ ઈલ્લા અન્ત બેહક્કે લા ઈલાહ ઈલ્લા અન્ત, અન્તરઝુક્ન્ની બેલા ઈલાહ ઈલ્લા અન્ત, અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક યા લા ઈલાહ ઈલ્લા અન્ત, બેહક્કે લા ઈલાહા ઈલ્લા અન્ત અન્તગ્ફેરલી બે લા ઈલાહ ઈલ્લા અન્ત.

# જે ચાહે તે થવાની નમાઝ

કિતાબ "જમાલુલ ઉસબુઅ"માં છે કે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે જે કોઇ જુમેરાતના દિવસે ચાર રકાત નમાઝ (નીચેની રીતે) પઢે અને બંદો પહાડને હટી જવાની દુઆ કરે, તો પહાડ હટી જાય, વરસાદ થવાની દુઆ કરે તો વરસાદ વરસે અને ખુદા તેને પોતાની રહમતની નઝદીક રાખે.

પહેલા કપડાં, અંગ તમામ પાક હોવા જોઇએ.

"નાજી" કહે છે કે એહતીયાત (સાવચેતી) રાખીને ચાલીસ દિવસ સુધી કોઇ નજીસ ચીજ કે નજાસતના શકવાળી ચીજ ન ખાય. હવે ઘી, તેલ અને સાકરમાં શક રહે છે તો ફક્ત ચાવલ અને દાળને પાક કરવાની રીત મુજબ પોતે પાક કરે. પાણી પોતે લાવે અને તે પણ પાક રીતે અને

વાસણ પાક કરે. હવે મીઠું જોઇએ તો ખાણનું મીઠું લાવીને તેને પણ ઉપરથી ધોઇને વાપરે અને તે ચીજ ખાય. વળી પૈસામાં શક હોય તો કોઇ દોસ્ત પાસેથી હદિયા તરીકે પૈસા લઇ તેની ચીજ લાવે અને ચાલીસ દિવસ સુધી પાક અને હલાલ ખાય કે જેથી દિલ નૂરાની થાય. પછી પોતાના હાથે કપડાં ધોઇ દોરી પાક કરી બરાબર સૂકવી પાક મુસલ્લા પર પાકીઝા રીતે જો એ નમાઝ કે કોઇ અમલ કરે, તો ઇન્શા અલ્લાહ તરત કબૂલ થાય. વળી, અમલ કરતી વખતે દિલ ખુદા તરફ રાખે, પોતાના ગુનાહોને યાદ કરીને રોવે, ચાલીસ મોઅમીન માટે પહેલા દુઆ કરે પછી અમલ શરૂ કરે, તો ગમે તેવો મતલબ હોય ઇન્શાલ્લાહ પૂરો થાય.

ઉપર જે શરતો લખી છે તે કાંઇ સાફ સાફ લખેલ જોઇ નથી પણ આ મુજબ એહતીયાતન તહારત કરવાથી શરીયતમાં બિદઅત ન થતા

પોતાનો મતલબ પૂરો થાય એ મુજબ વર્તવામાં ફાયદા છે એમ સાંભળ્યું છે.

એ ચાર રકાત નમાઝ આ મુજબ પઢે:

પહેલા બે રકાતની નિય્યત કરે કે "નમાઝ પઢું છું બે રકાત હાજતની કુરબતન એલલ્લાહ, અલ્લાહો અકબર" એ પ્રમાણે નિય્યત કરીને અલ્હમ્દના સૂરાની બાદ પહેલી રકાતમાં અગિયાર વખત કુલ્હોવલ્લાહનો સૂરો પઢીને રૂકૂઅ અને સજદા કરી ઉભો થઇને બીજી રકાતમાં અલ્હમ્દોના સૂરાની બાદ એકવીસ વખત કુલ્હોવલ્લાહનો સૂરો પઢી રૂકૂઅ સજદા કરી નમાઝ પૂરી કરે.

વળી બીજી બે રકાત નમાઝની એજ મુજબ નિય્યત કરીને પહેલી રકાતમાં અલ્હમ્દના સૂરાની બાદ એકત્રીસ વખત કુલ્હોવલ્લાહનો સૂરો પઢીને રૂકૂઅ સજદા પૂરા કરીને ઉભો થઇ બીજી રકાતમાં અલ્હમ્દના સૂરાની બાદ એકતાલીસ વખત

કુલ્હોવલ્લાહનો સૂરો પઢીને રૂકૂઅ સજદા કરીને નમાઝ પૂરી કરે, આમ ચાર રકાતમાં એકસો ચાર વખત કુલ્હોવલ્લાહનો સૂરો થયો. હવે તરતજ એકાવન વખત સલવાત પઢે અને સલવાત પઢીને સજદામાં જઇ એકસો વખત "યા અલ્લાહો" કહીને તરત પોતાના મતલબની દુઆ માંગે, તો ઇન્શાલ્લાહ તેનો મતલબ પૂરો થવાનો.

# રોઝી બહોળી થવાનો ઇલાજ

મુલ્લા મોહસીન કાશાની અ.મ. ફરમાવે છે કે કોઇની રોઝી તંગ હોય, તો નીચે મુજબ પઢ્યા કરે તો એટલી રોઝી મળે કે તે રાઝી રાઝી થઈ જાય.

**શનિવારે :**

**(૧૦૦૦ વખત) યા રબ્બલ્ આઁલમીન.**

**રવિવારે :**

**(૧૦૦૦ વખત) યા ઝલ્ જલાલે વલ્ ઈક્રરામ.**

**સોમવારે :**

**(૧૦૦૦ વખત) યા કાઁઝેયલ્ હાઁજાત.**

**મંગળવારે :**

**(૧૦૦૦ વખત) યા અરહમર્ રાહેમીન.**

બુધવારે :

(૧૦૦૦ વખત) યા હૅય્યો યા કૅય્યૂમ

ગુરૂવારે :

(૧૦૦૦ વખત) લા ઈલાહ ઈલ્લલ્લાહુલ્ મલેકુલ્ હૅકૅકુલ્ મુબીન.

શુક્રવારે :

(૧૦૦૦ વખત) અલ્લાહુમ્મ સૅલ્લે અૅલા મોહૅમ્મદ, વ આલે મોહૅમ્મદ.

# કર્ઝ અદા થવા

હઝરત અલી (અ.સ.)એ પોતાના એક સહાબીને લખી આપી. તે હંમેશા દરેક નમાઝની બાદ વાત કર્યા પહેલા ત્રણ વખત પઢે. એ શખ્સ ક્હે છે કે મારા ઉપર સાત લાખ દિરહમનું કર્ઝ હતું. મેં ચાર અઠવાડિયા સુધી એ દુઆ પઢી ત્યારે એ કર્ઝ અદા થવા ઉપરાંત બે લાખ દિરહમનો વધારો થયો. આ દુઆ મારી અજમાવેલી છે કે ઓછામાં ઓછા ચાર અઠવાડિયા અને વધારેમાં વધારે ચાર મહિનામાં તમામ કર્ઝ અદા થાય છે, પણ શરત એ છે કે કાફરો-મુશરીકોના હાથનું ખાવું-પીવું નહીં.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક યા લા ઈલાહ ઈલ્લા અન્ત, બેહક્કે લા ઈલાહ ઈલ્લા અન્ત, અન્તરહમની બેહક્કે લા

ઈલાહ ઈલ્લા અન્ત, અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક યા લા ઈલાહ ઈલ્લા અન્ત બેહક્કે લા ઈલાહ ઈલ્લા અન્ત, અન્તરઝ્ઝ અન્ની બેલા ઈલાહ ઈલ્લા અન્ત, અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક યા લા ઈલાહ ઈલ્લા અન્ત, બેહક્કે લા ઈલાહા ઈલ્લા અન્ત અન્તગ્ફેરલી બે લા ઈલાહ ઈલ્લા અન્ત.

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

રહમાન અને રહીમના નામથી શરૂં કરૂં છું. અય અલ્લાહ! ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું અય એકજ કે તારા સિવાય બીજો કોઇ માઅબુદ નથી અને તને વાસ્તો આપું છું 'લાએલાહ ઇલ્લા અન્ત' ક્લેમાનો કે તું મારા ઉપર મહેરબાની કર, (વળી) વાસ્તો આપું છું એજ ક્લેમાનો અય અલ્લાહ! ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું કે

તારા સિવાય બીજો કોઇ ઇબાદતને લાયક નથી. એજ કલેમાનો તને વાસ્તો આપું છું કે મારાથી તું રાજી થઇ જા, અય અલ્લાહ! ખરેખર તારી પાસે સવાલ કરૂં છું અય એજ કે તારા સિવાય બીજો અલ્લાહ નથી એજ કલેમાનો વાસ્તો આપું છું કે તું મને બક્ષી આપ.

# રોઝીમાં વધારો થવાની દુઆ

હદીસમાં છે કે જે શખ્સ વઝુ કરીને જમે તે કદી રોઝી માટે ગમગીન અને હેરાન નહીં થાય અને જમ્યા પછી ૭૨ વખત “યા બાસેતો” (અય બોહળું આપનાર) કહ્યા પછી સુફરા પરથી ઉભો થાય,

હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું છે કે આ દુઆ દિવસમાં ગમે તે વખતે ત્રણ વખત તેમજ રાતના ત્રણ વખત પઢ્યા કરે તો તે ખુદા તેને એવી જગ્યાએથી રોઝી આપે કે તેના ખ્યાલમાં પણ નહીં હોય, લખનાર કહે છે કે સુબ્હની અને ઇશાની નમાઝ પછી પઢે તો બેહતર છે. દુઆ આ છે :

બિસ્મિલ્લાહિર્ રહ્‌માનિર્ રહીમ

યા અલ્લાહો યા અલ્લાહો યા

અલ્લાહો યા રબ્બે યા રબ્બે યા રબ્બે, યા હય્યો યા કય્યૂમો, યા ઝલ્જલાલે વલ્ ઈકરામે અસ્અલોક બિસ્મેકલ્ અઝીમીલ્ અઅઝમે, અન્તરઝુકની રિઝકન વાસેઅન હલાલન તય્યેબન બેરહમતેક યા અરહમર રાહેમીન.

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

અય અલ્લાહ અય અલ્લાહ અય અલ્લાહ! અય મારા રબ (પાળનાર) અય મારા રબ, અય મારા રબ, અય હંમેશાથી જીવતો, અય હંમેશાથી કાયમ, અય જલાલ અને બુઝુર્ગીવાળા હું તને તારા મહાન બુઝુર્ગ નામનો વાસ્તો આપીને સવાલ કરૂં છું કે અય બહેતરીન રહમ કરનાર! તું પોતાની રહમતથી મને હલાલ અને બહોળી રોઝી અતા ફરમાવ.

# આયુષ્ય વધારે થવા

હઝરત રસુલ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે જે કોઇ નીચેની દુઆ હંમેશા બરાબર પઢ્યા કરે તો તેનું આયુષ્ય લાંબુ થવા માટે હું જામીન થાઉં છું.

બિસ્મિલ્લાહિર રહ્માનિર રહીમ

અલ્લાહુમ્મા ઇન્ન રસૂલેકસ્સાદેકલ મોસદ્દેકલ અમીન, સલવાતોક અલૈહે વ આલેહી કાલ ઇન્નક કુલ્ત મા તરદ્દદતો ફી શયઇન વ અના ફાએલોહૂ કતરદ્દોદી ફી કબ્ઝે રૂહે અબ્દેયલ મોઅમેને યકરહુલ મવ્ત, વ અના અકરહો મસાઅતહૂ ફ સલ્લે અલા મોહમ્મદિન વ આલે મોહમ્મદ, વ અજ્જિલ લે વલિય્યેકલ ફરજ વલ આફેયત વન્નસર, વલા તસુઅની

ફી નફસી વલા ફી અહદિમે મિને અબ્નાઈ અવઅહિબ્બતી, અલ્લાહુમ્મા સલ્લે અલા મોહમ્મદિને વ આલે મોહમ્મદ.

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

રહેમાન અને રહીમના નામથી શરૂ કરૂં છું. યા અલ્લાહ તારા સાચા અમીન રસુલ ઉપર અને તેમની આલ ઉપર તારા તરફથી દોરૂદ હોજો. તેમણે ફરમાવ્યું છે કે તારૂં કહેવું એમ છે કે હું કામ કરવા ચાહું છું તેના માટે હું અચકાતો નથી સિવાય એવો મોઅમિન બંદો કે જેને નારાજ કરવાને હું પસંદ કરતો નથી અને તે મોતથી અણગમો રાખતો હોય તો તેની રૂહને કબ્ઝ કરવા માટે અચકાઉં છું, અય મારા અલ્લાહ તું મોહમ્મદ અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) ઉપર દોરૂદ મોકલ અને તારા વલી (જે ગાયબ છે) તેમને બહુજ જલ્દી બહાર લાવ (જલ્દી ઝુહૂર ફરમાવ) અને તેમની મદદ કર,

મારા માટે તેમજ મારી ઓલાદ માટે તેમજ મારા દોસ્તોના બારામાં મને ગમગીન કરીશ નહીં, યા અલ્લાહ તું મોહમ્મદ અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) ઉપર સલવાત નાઝિલ કર.

# બલા આફત મુસીબતથી બચવા માટેની નમાઝ

પહેલી રકાતમાં એક વખત "સૂરએ અલ્હમ્દ" પછી ત્રીસ (૩૦) વખત "સૂરએ કુલ્હોવલ્લાહ" પઢે અને બીજી રકાતમાં "સૂરએ અલ્હમ્દ" પછી ત્રીસ (૩૦) વખત "સૂરએ ઇન્ના અન્ઝલનાહ" પઢે. નમાઝથી ફારીગ થયા બાદ આ આયતોને પઢે. આયતો પઢ્યા પછી થોડો સદકો આપે. ઇન્શાલ્લાહ તઆલા એ મહિનામાં બલા-આફત-મુસીબતથી મેહ્ફૂઝ રહેશે. અગર આ નમાઝ પહેલી તારીખે ન પઢી શકે તો બીજા દિવસે પઢે, અથવા જ્યારે પણ શક્ય હોય ત્યારે પઢે.

બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ

વ મા મિન દાબ્બતિન ફિલ અરઝે ઈલ્લા અલલ્લાહે રિઝકોહા, વ યઅ્લમો મુસ્તકર્રહા વ મુસ્તવ્દઅહા, કુલ્લુન ફી

કિતાબિમ્ મુબીન.(સુ.૧૧, આ.૬)

બિસ્મિલ્લાહિર્ રહ્‌માનિર્ રહીમ

વ ઈન યમ્સસ્કલ્લાહો બે ઝુર્રિન્ ફ લા કાશેફા લહૂ ઈલ્લા હોવ, વ ઈન યોરિદ્ક બે ખૈર્રિન્ ફ લા રાદ લે ફઝ્લેહી, યોસીબો બેહી મંય્ યશાઓ મિન્ એબાદેહી વ હોવલ્ ગફુરુર્ રહીમ. (સુ.૧૦, આ.૧૦૭)

બિસ્મિલ્લાહિર્ રહ્‌માનિર્ રહીમ

સયજ્ અલુલ્લાહો બઅ્દ ઉસ્રિન્ યુસ્રા. (સુ.૬૫, આ.૭)

માશાઅલ્લાહો લા કુવ્વત ઈલ્લા બિલ્લાહ, (સુ.૧૮, આ.૩૯)

હસ્બોનલ્લાહો વ નેઅ્મલ્ વકીલ, (સુ.૩, આ.૧૭૨)

વ ઉફવ્વેઝો અમ્રી એલલ્લાહે

ઈન્નલ્લાહ બસીરૂમ બિલ એબાદ. (સુ.૪૦, આ.૪૪)

લા ઈલાહ ઈલ્લા અન્ત સુબ્હાનક ઈન્ની કુન્તો મિનઝ ઝાલેમીન. (સુ.૨૧, આ.૮૭)

રબ્બે ઈન્ની લે મા અન્ઝલ્તા એલય્યા મિન ખયરિન ફકીર. (સુ.૨૮, આ.૨૪)

રબ્બે લા તઝરની ફરદંવ વ અન્ત ખયરૂલ વારેસીન. (સુ.૨૧, આ.૮૯)

– મફાતિહે નવીન, પે.૫૯૭

# બીમારી દૂર થવા ઘઉંનો અમલ

દાવૂદ બિન ઝરથી મનકૂલ છે કે તે કહે છે કે હું મદીનામાં બહુ જ બીમાર થઇ ગયો. જ્યારે આ ખબર હઝરત ઇમામ જાફરે સાદિક (અ.સ.)ને પહોંચી તો મને લખ્યું કે એક સાઅ (લગભગ ત્રણ કિલો) ઘઉં લે પછી ચત્તો સૂઇ અને તે ઘઉં પોતાની છાતી ઉપર નાખતો જા અને આ મુજબ પઢતો જા:

અલ્લાહુમ્મ ઈન્ની અસઅલોક બિસ્મેકલ્લઝી ઈઝાં સઅલક બેહિલ મુઝ઼તરો કશફ઼ત મા બેહી મિન્ઝુરરિન વ મકન્ત લહૂ ફ઼િલઅરઝે વ જઅલ્તહુ ખલીફતક અલા ખલ્કેક અન્તો સલ્લેય અલા મોહમ્મદિન વ આલે મોહમ્મદિન વ અહલેબયતેહી, વ અન્તો આફેયની મિન ઈલ્લતી.

પછી બેસીને એજ દુઆ પઢતો જા અને મજકૂર ઘઉં ભેગા કરતો જા અને એ ઘઉંના ચાર ભાગ કર અને એજ દુઆ પઢતો જા. પછી એ ઘઉંના ચાર ભાગ મોહતાજ શિયા મોઅમીન નમાઝીને આપ.

હઝરતના ફરમાવ્યા મુજબ આ અમલ કરવાથી હું બહુજ જલ્દી તંદુરસ્ત થઇ ગયો અને એવી શિફા મળી કે જાણે બીમાર થયો જ ન હતો. જેને મેં અમલ બતાવ્યો તેને પણ આ અમલની બરકતથી શિફા મળી.

# હરસની બીમારી દૂર થવા માટેની દુઆ

સૂરએ યાસીન લખીને અથવા લખાવી અને તે લખાણ ધોઇને ધોવણનુ પાણી પીવે તો હરસ દફે થાય અને હરસ દફે થવા માટે બીજો ઇલાજ એ છે કે હંમેશા આ દુઆ પઢ્યા કરે:

યા જવાદો યા માજેદો યા રહીંમો યા કૅરીબો યા મોજીબો યા બારેઓ યા રાહેંમો, સૅલ્લે અૅલા મોહૅમ્મદિન વ આલેહી, વરદુદ અૅલય્ય નેઅૅમતક વકફેની અમ્ર વર્જઈ.

# ધ્રૂજાટથી તાવ આવે તો દૂર થવા માટે

જનાબે સલમાન ફારસી ફરમાવે છે કે મને એક વખત બહુજ તાવ આવ્યો. મેં જનાબે ફાતેમા (સ.અ.)ને વાત કરી તો એ માઅસૂમાએ પોતાની પાક જીભથી મને આ "દુઆએ નૂર" તાલીમ ફરમાવી, અને એ દુઆની બરકતથી તાવ ઉતરી ગયો અને તેજ દિવસથી સવાર અને સાંજ આ દુઆ પઢવાનો વિર્દ કર્યો. તે પછી આખી ઉમ્ર (ધ્રૂજારીથી) તાવ આવ્યો નહીં અને જેને જેને મેં આ દુઆ શીખવી તેને પણ શિફા મળી. દુઆ આ છે :

બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ

બિસ્મિલ્લાહિન્નૂર, બિસ્મિલ્લાહિન્નુરિન નૂર, બિસ્મિલ્લાહે નૂરુન અલા નૂર,

બિસ્મિલ્લાહિલ્લઝીં હોવ મુદબ્બેરૂલ ઉમૂર, બિસ્મિલ્લા હિલ્લઝીં ખલકન્નૂર મિનન્નૂર અલ્હંમ્દો લિલ્લાહિલ્લઝીં ખલકન્નૂર મિનન્નૂર, વ અનઝલન્નૂર અલત્તૂર, ફી કિતાબિમ મસ્તૂર, ફી રીકકિંમ મન્શૂર, બે કંદરિમ મકંદૂર, અલા નબિય્યીન મહંબૂર, અલ્હંમ્દો લિલ્લાહિલ્લઝીં હોવ બિલઈઝઝે મઝકૂર, વ બિલફખ્રે મશહૂર, વ અલસ્સરરાએ વઝઝરરાએ મશ્કૂર, વ સંલ્લલ્લાહો અલા સય્યેદેના મોહંમ્મદિન વ આલેહિ (ત્તંય્યેબીનં) ત્તાહેરીન.

# સૂરએ તાહાની ૧૩૧ તથા ૧૩૨ આયતોના ફાયદા

સુરએ તાહાની ૧૩૧ તથા ૧૩૨ મી આયાત "વલા તમુદન્ન" થી તે "લિત્તકવા" સુધી પાસે રાખે તો નેકબખ્ત સ્ત્રી મળે, યાદશક્તિમાં વધારો થાય, બીમાર હોય તો શિફા પામે, માલદાર થાય, તે આયતો આ છે.

વલા તમુદ્દન્ન અંયનયક ઈલા મા મત્તઅ્ના બેહી અઝવાજમ્ મિન્હુમ્ ઝહ્રતલ્ હંયાતિદ્દુન્યા લેનફ્તેનહુમ્ ફીહે વ રિઝ્કો રબ્બેક ખંયરૂવ વ અબ્કા વઅ્મુર્ અહ્લક બિસ્સલાતે વસ્તંબિર્ અલયહા, લા નસ્અલોક રિઝ્કન્ નહ્નો નર્ઝોકોક વલ્ આકેબતો બિત્તક્વા.

અને અમોએ તેમનામાંથી અમુક લોકોને જે ચીજોથી માલામાલ કર્યા તેની તરફ આંખ ઊંચકીને ન જો, આ દુનિયાના જીવનની રોનક છે જેથી તેમાં તેઓને અજમાવીએ, અને તારા પરવરદિગારની રોઝી બહેતર અને બાકી રહેનાર છે અને તારા કુટુંબીઓને નમાઝનો હુક્મ કર અને તેના પર સબ્ર કર; અમે તો ખુદ તને રોઝી આપીએ છીએ; અને (નેક) આકેબત (અંજામ) પરહેઝગારો માટે છે.

# આખી રાત ઇબાદત કરવાનો સવાબ

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે કોઇ નીચેની પાંચ આયતો સૂરએ આલે ઇમરાનની હંમેશા રાતના એક વખત પઢે તો આખી રાત ઇબાદત કરવા જેટલો સવાબ મળે,

(૧) રબ્બના મા ખલકત હાઝા બાતેલન સુબ્હાનક ફકેના અઝાબન્નાર. (૨)રબ્બના ઇન્નક મન તુદખેલિન્નાર ફકદ અખઝયતહૂ વમા લિઝ્ઝાલેમીન મિન અન્સાર. (૩) રબ્બના ઇન્નના સમેઅના મોનાદેયંય યોનાદી લિલ ઇમાને અનઆમેનૂ બેરબ્બેકુમ ફ આમન્ના. (૪)રબ્બના ફગફિરલના ઝુનૂબના વ કફફિર અન્ના

સય્યેઆતેના વતવફ્ફના મઅૅલ્ અબ્રાર.
(૫)રબ્બનૉ વ આતેના માવઅૅદતના અૅલા રોસોલેક વલા તુખ્ઝેના યવ્મલ્ કેૅયામતે ઈન્નક લાતુખ્લેફુલ્ મીઆૅદ.

અમારા પરવરદિગાર! તેં આ બેકાર પૈદા કર્યું નથી, તારી ઝાત પાક છે માટે અમને દોઝખની આગથી બચાવી લે. અય અમારા પરવરદિગાર! બેશક તું જેને આગમાં દાખલ કરશે તો તુએ તેને ખરેખર ઝલીલો રૂસવા કર્યો; અને ઝાલિમોના કોઇપણ મદદગાર નથી. અય અમારા પરવરદિગાર! અમોએ એક સાદ કરનારનો સાદ સાંભળ્યો કે તમે તમારા પરવરદિગાર પર ઇમાન લાવો જેથી અમે ઇમાન લાવ્યા; અય અમારા પરવરદિગાર! તું અમારા ગુનાહ માફ કરી દે તથા અમારી બૂરાઇઓને ઢાંકી દે અને અમારો અંત નેક બંદાઓ સાથે કર. અય અમારા પરવરદિગાર! જેનો તેં તારા રસૂલો મારફત અમને વાયદો કર્યો

છે તે અમને અતા કર અને અમને કયામતના દિવસે ઝલીલ કરજે નહિ; બેશક તું વાયદા ખિલાફી કરતો નથી.

# આસમાન અને ઝમીનની ચાવીઓ

હારીસ હમદાનીએ રિવાયત કરી છે કે, મેં હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી સાંભળ્યું કે મેં હઝરતે રસુલેખુદા (સ.અ.વ.)ને પુછયું કે આસમાન અને ઝમીનની ચાવીઓ શું છે? તો આપે આ મુજબ ફરમાવ્યું કે આ નીચેના શબ્દો છે.

સુબ્હાનલ્લાહે વલ્હમ્દો લિલ્લાહે વલાઈલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબરે વલાહવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અઝીમ હોવલ અવ્વલો વલ્આખેરો વઝ્ઝાહેરો વલ્બાતેનો, લહુલ મુલ્ક, વ લહુલ હમ્દ, યોહયી વ યોમીતો વ હોવ હય્યુન લા

## યમૂત બે યદેહિલ ખૈંયેર, વ હોવ અૅલા કુલ્લે શયેઇને કંદીર

અલ્લાહ પાક છે અને અલ્લાહ માટે વખાણ છે અને તેના સિવાય કોઇ માઅબૂદ નથી અને તે બુઝુર્ગ છે, અને તેના સિવાય કોઇની શક્તિ કે કુવ્વત નથી. તે મહાન બુઝુર્ગ છે. તે પહેલો છે અને છેલ્લો છે. તે જાહેર છે. અને બાતીન છે, તેની જ સત્તા છે, તેનાજ માટે વખાણ છે. જીવાડે છે, મારે છે. અને તે જીવતો છે મરતો નથી. તેના જ હાથમાં ખૈર છે. તે તમામ ચીજ ઉપર શક્તિમાન છે.

આ અલ્લાહની તાઅરીફ વગેરે છે તે આસમાન અને ઝમીનની ખૈર અને બરક્તની ચાવીઓ છે. જે કોઇ સવારના વખતે પઢે તો ખુદા એ તઆલા તેને છ ખસલતો બક્ષે છે. (૧) તેને શૈતાન અને તેના લશ્કરથી રક્ષણમાં રાખે. (૨) તેને એટલો સવાબ આપે કે ઓહદના પહાડ કરતાં

પણ વધારે હોય. (૩) નેક લોકોના દરજ્જે પહોંચાડે. (૪) હુરૂલઇન સાથે શાદી કરાવે છે. (૫) ખુદાએ તઆલા બાર હજાર ફરિશ્તાઓને હુક્મ કરે કે એ ક્લેમા તેનાથી સાંભળીને તેઓ એક પાના ઉપર લખી રાખે કે ક્યામતના દિવસ માટે તેઓ ગવાહી આપે. (૬) એવું થાય કે જાણે તેણે હજ અને મક્બુલ ઉમરા અદા કર્યા અને તેજ મહિનામાં મરી જાય તો તેનો હિસાબ શહીદોમાં થાય.

# અર્શના ખઝાનામાંથી હદિયો

જિબ્રઇલ ઘણી ખુશી સાથે હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ની ખિદમતમાં આવ્યા. સલામ અરજ કરી કે ખુદાએ અર્શના ખઝાનામાંથી હદિયો મોકલ્યો છે.

યામન્ અઝ્હરલ્ જમીલ, વ સતરલ્ કબીહ, યામન્ લમ્ યોઆખિઝ્ બિલ્ જરીરતે વલમ્ યહ્તેકિસ્સીત્રે યા અઝીમલ્અફ્વે યા હસનત્તજાવોઝે, યા વાસેઅલ્મગ્ફેરતે યા બાસેતલ્ યદૈને બિર્ રહ્મતે, યા સાહેબ કુલ્લે નજ્વા વ મુન્તહા કુલ્લે શક્વા, યા કરીમસ્સફહે, યા અઝીમલ્મન્ને યા મુબ્તદેયન્ બિન્નેઅમે કબ્લસ્તેહ્કાકેહા, યા રબ્બના યા

સય્દના વ મવ્લાના વ ગાંયત રંગ્બતેના, અસ્અલોક યા અલ્લાહો યા અલ્લાહો યા અલ્લાહો, અન્લાતોશવ્વેય ખલ્કીબિનાારે બેરહ્મતેક યા અરહમર રાહેમીન.

એ નેકી જાહેર કરનાર તથા બૂરાઇને ઢાંક્નાર અય ગુનાહનો બદલો ન લેનાર, એ પરદો ન ફાડનાર, એ બહુજ માફ કરનાર, બહેતરીન દરગુજર કરનાર, એ બહુજ બક્ષનાર, રહ્મતનો હાથ ફેલાવનાર, ભેદના માલિક તથા શિકાયતના અંત. મહેરબાની કરનાર, બહુજ મહેરબાન નેઅમત આપનાર હકદાર થવાની પહેલે, અમારા રબ અમારા સય્યદ તથા અમારા મવલા અમારી ચાહતના અંત, તારી પાસે માગું છું અલ્લાહ, અલ્લાહ, અલ્લાહ, અમોને આગથી ખરાબ કરીશ નહીં. તારી રહ્મતનો વાસ્તો, મહાન રહ્મત કરનાર.

હઝરત રસૂલ સ.અ.વ.એ પુછયું અય જિબ્રઇલ આ દુઆ પઢવામાં કેટલો સવાબ છે? કહ્યું કે આસમાન તથા ઝમીનના તમામ ફરિશ્તા ભેગા થઇને કયામત સુધી સવાબ બયાન કરે છતાં હજારમાં ભાગનો સવાબ બયાન કરી શકે નહીં. આ દુઆ જે મોઅમેનીન પઢે તથા એમાંના શબ્દો કહે યામન્ અઝ્હરલ્ જમીલ, વ સતરલ્ કબીહ, તો ખુદા એના ગુનાહ છુપાવે તથા દુનિયામાં એના ઉપર રહમ કરે છે. આખેરતમાં તેનો અહવાલ નેક કરે છે. દુનિયા તથા આખેરતમાં એના અયબ ઉપર હજાર પરદા નાખે છે.

પછી યામન્ લમ્ યોઆખિઝ્બિલ્ જરીરતે વલમ્ યહ્તેકિસ્સીતરે કહે તો કયામતમાં ખુદા હિસાબ લેશે નહીં. તે દિવસે સૌના અયબના પર્દા ખુલ્લા થશે પણ એના પર્દા ખુલશે નહીં.

પછી યા અઝીમલ્અફ્વે કહે તો દરિયાના ફીણ જેટલા ગુનાહ હોય છતાં માફ કરી આપે. જયારે

યા હૅસનત્તજાવોઝે કહે ત્યારે એના બધાં બદકામથી દરગુજરે એટલે સુધી કે શરાબ પીધી હોય વગેરે કબીરા ગુનાહ કર્યા હોય છતાં પણ બક્ષી આપે. (આ સ્થળે જે ગુનાહની માફી આપવાનું લખ્યું છે તો એની મઅરેફત સાથે સાચા દિલથી પઢવામાં આવે તો માફ થાય. ફરી એવું કૃત્ય કરે નહિ. ઇત્યાદિ) જ્યારે યા વાસેઅૅલ્મગૅફેરતે કહે તો ખુદા એના માટે સિત્તેર રહમત અતા ફરમાવે, દુનિયાથી જાય ત્યાં સુધી ખુદાની રહમતમાં ગર્ક રહે. જ્યારે યા બાસેતૅલ્ યદૈને બિર્ રહૅમતે કહે ત્યારે અલ્લાહ પોતાની રહમતનો હાથ એના માટે લંબાવે. જ્યારે યા સૉહેંબ કુલ્લે નજૅવા વ મુન્તહા કુલ્લે શકૅવા કહે તો અલ્લાહ તઆલા દરેક મુસીબતમાં ફસાએલા જેટલો સવાબ આપે.

યા કરીમસ્સૅફ્હે કહે તો તમામ પયગંબરોની બુઝુર્ગી અતા ફરમાવે. જ્યારે યા અઁઝીમલ્મન્ને કહે ત્યારે તમામ દુન્યાની જે ચીઝ ચાહે તે એને અતા

ફરમાવે. યા મુબ્તદેયનં બિન્નેઅઁમે કઁબ્લસ્તેહઁકઁકૈંહા બોલે ત્યારે ખુદાની નેઅમતનો શુક્ર કરનારાઓ જેટલો સવાબ અતા કરે. જ્યારે યા રબ્બના યા સય્દના કહે ત્યારે હકતઆલા ફરમાવે છે કે અય ફરિશ્તાઓ ગવાહ રહેજો કે આ બંદાને મેં બક્ષી આપ્યો તથા જેટલા ઇન્સાન પેદા કર્યા છે તથા બેહિશ્ત, દોઝખ, સાતે આસમાન, સાતે જમીન, સૂર્ય, ચંદ્ર, સિતારા, વરસાદના ટીપાં, પહાડ, માટી, પત્થર, અર્શ, કુરસી વિગેરેની ગણતરી જેટલો સવાબ લખીશ.

જ્યારે મવ્લાના કહે ત્યારે એના દિલને ઇમાનથી ભરી આપે છે. જ્યારે ગાઁયત રઁગ્બતેના કહે તો એ જે ચાહે તે ક્યામતમાં તેને આપે. , અસ્અલોક યા અલ્લાહો યા અલ્લાહો યા અલ્લાહો, અન્લાતોશવ્વેહ ખઁલ્કીઁબિનાઁર કહે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફરમાવે કે તમો સાક્ષી રહો કે આ શખ્સે દોઝખની આગથી મુક્તિ ચાહિ તો

મેં તેને, તેના માબાપ, ભાઇ-બહેનો, ઘરના તમામ માણસો અને પાડોશીઓને દોઝખની આગથી મુક્તિ અતા કરી. એટલું જ નહીં પણ એવા હજાર માણસ કે જેઓને જહન્નમમાં જવું વાજિબ થયું હોય તેઓની શફાઅત કરવાની રજા આપી.

પછી જિબ્રઇલે અરજ કરી કે યા મોહમ્મદ (સ.અ.વ.) આ દુઆ પરહેઝગારોને તાલીમ કરજો અને મુનાફિકોને તાલીમ કરશો નહીં. કેમકે આ દુઆ પઢીને દુઆ માંગે તે કબૂલ થાય છે અને બયતુલ માઅમુરવાળાની આ દુઆ છે.

આ દુઆ ઝોહરની નમાઝ પઢ્યા પછી પઢવાની છે. માટે હંમેશા પઢ્યા કરે પણ તે સિવાય જુવે તે વખતે પણ પઢી શકે છે.

# દુઆએ કુનૂત

નીચે લખેલી દુઆ મોટા મોટા બુઝુર્ગો નમાઝના કુનૂતમાં પઢે છે. તે દુઆના માયના જોતા બેશુમાર ફાયદાવાળી અને અસરવાળી માલુમ પઢે છે.

ઈલાહી બે અર્ખંસેં સિફાતેક, વબે ઈઝ્ઝે જલાલેક, વબે અઅઁઝમે અસ્માએક, વબે ઈસ્મતે અમ્બેયાએક, વબે નૂરે અવલિયાએક, વબે દમે શોહદાએક, વબે મેદાદે ઉલમાએક, વબે દુઆએ સોલહાએક, વબે મુનાજાતે ફોકરાએક નસ્અલોક ઝિયાદતન ફિલ ઈલ્મ, વ સેહહતન ફિલ જીસ્મ વ તૂલન ફિલ ઉમ્રે લે તાઅતેક, વસેઅતન ફિરરિઝ્કે, વ

તવબતને કંબલલ મવત, વ રાહતને ઈન્દલ મવત, વ મગ્ફરેતને બઅદલ મવત વ નૂરને ફિલ કબરે વ નજાતમ મેન્નારે વ દોખૂલને ફિલ જન્નતે, વ આફેયતમ મિન્કુલ્લે બલાઈદ્દુન્યા, વ અઝાબિલ આખેરતે. વ બેહકકે મોહમ્મદિને વ અહલેબયતેહિત તય્યેબી નત્તાહેરીનલ મઅસૂમીન.

યા અલ્લાહ તારી ખાસમાં ખાસ સિફતોનો વાસ્તો, અને ઇઝ્ઝતના જલાલનો વાસ્તો, અને તારા ઇસ્મે આઅઝમનો વાસ્તો, અને નબીઓના પાક પણાનો વાસ્તો, તારા અવલિયાના નૂરનો વાસ્તો, અને તારા શહીદોના લોહીનો વાસ્તો, અને તારા આલિમોની રોશનાઇનો વાસ્તો, અને તારા નેક લોકોની દુઆઓનો વાસ્તો, અને તારા ફકીરોની મુનાજાતનો વાસ્તો, અમો સવાલ કરીએ છીએ કે અમારા ઇલ્મમાં વધારો કર, અને અંગમાં

સલામતી અતા ફરમાવ, અને ઉમરમાં તારી ઇબાદત માટે વધારો કર અને રોઝી બહોળી કર અને મરવાની પહેલે તોબા કરવી નસીબ કર, અનેમરવા વખતે રાહત આપ અને મરવા પછી બક્ષી આપ, અને કબરને નૂરાની કર, અને આગથી નજાત અતા ફરમાવ, અને જન્નતમાં દાખલ કર, અને દુનિયાની તમામ બલાઓથી બચાવ અને આખેરતના અઝાબથી નજાત ઇનાયત કર. તને હઝરત મોહમ્મદ (સ.અ.વ.) અને પાક પાકીઝા અને માઅસૂમ એહલેબૈત (અ.મુ.સ.)નો વાસ્તો આપું છું.

# દુઆએ અબુઝરે ગફફારી

હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)એ અબુઝરને ફરમાવ્યું કે એ કઇ દુઆ છે કે જેનાથી તમો ખુદાને યાદ કરો છો ? જિબ્રઇલે મને ખબર આપી છે કે તમારી દુઆ આસમાનમાં પ્રખ્યાત છે. અબુઝરે અરજ કરી કે યા હઝરત હું મારા માલિકને આ રીતે યાદ કરૂં છું કે:

**અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોકલ્ ઈમાન બેક વત્તસ્દીકઁ બે નબિય્યેક વલ્ આફિયત મિન્ જમીઈલ્ બલાએ વશ્શુક્ર અલલ્ આફિયહ્, વલ્ગિના અન્ શેરારિન્નાસ**

અય અલ્લાહ! ખરેખર હું સવાલ કરૂં છું કે તારી પાસે ઇમાનો અને નબીની સત્યતાને ટેકો આપવાનો, અને તમામ બલાથી બચવાનો અને બલાઓથી બચવા પર શુક્ર કરવાનો અને બૂરા લોકોની બૂરાઇથી બચવાનો.

# દુઆએ ફરજ

## દુઆએ “ઇલાહી અઝોમલ બલાઅ”

‘કફઅમી’એ ‘બલદુલ અમીન’માં ફરમાવ્યું કે આ દુઆ હઝરત સાહેબુલ અમ્ર (અ.સ.)એ એક શખ્સને તાલીમ ફરમાવી, તે શખ્સ કેદમાં હતો અને આ દુઆ પઢવાથી તે કેદમાંથી છૂટી ગયો. તે આ દુઆ છે.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

ઈલાહી અઝોમલ બલાઓ વ બરેહલ ખફાઓ વન્કશફલ ગેતાઓ વન્કતઅર રજાઓ વ ઝાકતિલ અરઝો વ મોનેઅતિસ્સમાઓ વ અન્તલ મુસ્તઆનો વ એલયકલ મુશતકા, વ અલયકલ મુઅવ્વલો ફિશ શિદ્દતે વરરખાએ.

અલ્લાહુમ્મા સઁલ્લે અઁલા મોહઁમ્મદિંન વ આલે મોહઁમ્મદિન ઉલિલ અમ્રિલ્લઝીના ફરઝઁત અઁલયના તાઁઅઁતહુમ વ અઁરઁફતના બે ઝાઁલેક મન્ઝેલતહુમ ફ ફર્રિજ અઁન્ના બે હઁકઁકેહિમ ફરજન આઁજેલન કઁરીબન કલમ હિલ બસઁરે અવહોવ અકઁરબો યા મોહઁમ્મદો યા અઁલીય્યો યા અઁલિય્યો યા મોહઁમ્મદો ઈકફેયાની ફ ઈન્નકોમા કાફેયાન વન્સોઁરાની ફ ઈન્નકોમા નાસેઁરાન, યા મવલાના યા સાઁહેઁબઝ ઝમાન ! અલ-ગઁવ્સઁ અલ-ગઁવ્સઁ અલ-ગઁવ્સઁ અદરિકની અદરિકની અદરિકની. અસ્સાઅઁહ, અસ્સાઅઁહ અસ્સાઅઁહ. અલ અઁજલ અલ અઁજલ અલ અઁજલ. યા અરહઁમર રાહેઁમીન. બેહઁકઁકે મોહઁમ્મદિંન વ આલેહિત તાઁહેરીન.

અય મારા માઅબૂદ, કસોટી સખત અને અઘરી બની ગઇ, છુપા ઐબ જાહેર થઇ ગયા, ગુપ્ત રહસ્યો પરથી પર્દા હટી ચૂક્યા છે. બધી આશાઓ પર પાણી ફરી વળ્યું છે. જમીન તંગ થઇ ગઇ છે, આસમાનના દરવાજા બંધ થઇ ગયા છે. માત્ર તુંજ મદદ કરી શકે તેમ છો. તેથી તારી જ મદદ માંગવામાં આવે છે અને તારી જ બારગાહમાં ફરિયાદ લઇને ઉપસ્થિત થયા છીએ અને મુશ્કેલી અને આસાનીના દિવસોમાં તારી જ ઉપર ભરોસો છે. ખુદાયા, મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) પર રહમત નાઝિલ ફરમાવ, જેઓ એવા સાહેબાને અમ્ર છે, જેમની ઇતાઅત અને પૈરવી તેં અમારા પર ફરજીયાત કરી છે અને આના થકી તેઓના ઉચ્ચ મરતબાથી તેં અમોને પરિચિત કરાવ્યા છે. અય ખુદા, તને તેઓ (અ.)ના હક્નો વાસ્તો આપીએ છીએ અમને સરળતા-આસાની અર્પણ કર, એવી

સરળતા-આસાની જે ઝડપી અને નઝદીક હોય, જે પલકવાર કે તેથી પણ ઝડપી હોય. અય મોહમ્મદ, અય અલી, અય અલી, અય મોહમ્મદ ! મારી કિફાલત કરો તમે બંને કિફાલત કરનાર છો અને મારી મદદ કરો તમે બંને મદદ કરનાર છો, અય અમારા આકા, અય ઝમાનાના હાકીમ, ફરિયાદ ! ફરિયાદ ! ફરિયાદ અમને સાંભળો, અમને સાંભળો, અમને સાંભળો ! આ ઘડીએ, આ ઘડીએ, આ ઘડીએ જલ્દી જલ્દી જલ્દી. અય બહેતરીન રહમ કરનાર, મોહમ્મદ (સ.અ.વ.) અને તેઓની પાક આલનો વાસ્તો.

# દુઆએ અહદની ફઝીલત

હઝરત ઇમામ જાફરે સાદિક (અ.સ.)થી રિવાયત કરી છે, તે હઝરતે ફરમાવ્યું છે કે જે શખ્ત ચાલીસ દિવસ 'દુઆએ અહદ' પઢીને ખુદાને પુકારશે તો તે જરૂર અમારા કાએમ (અ.સ.)ના મદદગારોમાં રહેશે. જો તે ઇમામ (અ.સ.)ના ઝહૂરની પહેલા મરણ પામશે તો અલ્લાહ તઆલા તે હઝરતની મદદ માટે જીવતો કરશે અને કબરમાંથી એને બહાર લાવશે. આ દુઆને જે પઢશે તેને દરેક શબ્દના બદલામાં એક હજાર નેકીઓ અતા ફરમાવે છે અને તેના હજાર ગુનાહ બક્ષી આપે છે. અને તેની હજાર બદીઓને દૂર કરે છે.

બિસ્મિલ્લાહિર રહૅમાનિર રહીૅમ

અલ્લાહુમ્મ રબ્બનૅ નૂરિલૅ અઁઝીૅમૅ, વ

રબ્બલ કુરસીયિર રફીઅ, વ રબ્બલ બહરિલ મસ્જૂર, વ મુન્ઝેલત તૌરાતે વલ ઈન્જીલે વઝ ઝબૂર, વ રબ્બઝ ઝિલ્લે વલ હરૂર, વ મુન્ઝેલલ કુરઆનિલ અઝીમ, વ રબ્બલ મલાએકતિલ મુકર્રબીન, વલ અમ્બેયાએ વલ મુરસલીન, અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલોક બે વજહેકલ કરીમ, વ બેનૂરે વજહેકલ મુનીર, વ મુલ્કેકલ કદીમ, યા હય્યો યા કય્યૂમ, અસ્અલોક બિસ્મેકલ લઝી અશરકત બેહિસ્સમાવાતો વલ અરઝૂન, વ બિસ્મેકલ લઝી યસ્લહો બેહિલ અવ્વલૂન વલ આખેરૂન, યા હય્યો કબ્લ કુલ્લે હય્ય, વ યા હય્યો બઅદ કુલ્લે હય્ય, વયા હય્યો હીન લા હય્ય, યા મુહયેયલ

મૌતા, વ મોમીતલ અહ્યાંઅ, યા હંય્યો લા ઈલાહ ઈલ્લાહ અન્ત, અલ્લાહુમ્મ બલ્લિગ મૌલાનલ ઈમામલ હાદેયલ મહદીય્યલ કાએમ બે અમ્રેક, સલવાતુલ્લાહે અલય્હે વ અલા આબાએહિત તાહેરીન, અન જમીઈલ મુઅમેનીન વલ મુઅમેનાત, ફી મશારેકિલ અરઝે વ મગારેબેહા, સહલેહા વ જબલેહા, વ બરરેહા વ બહરેહા, વ અન્ની વ અન વાલેદય્ય મેનસ સલવાતે ઝેનત અરશિલ્લાહ, વ મેદાદ કલેમાતેહિ વ મા અહસાહો ઈલ્મોહ, વ અહાત બેહિ કિતાબોહ, અલ્લાહુમ્મ ઈન્ની ઓજદદેદો લહુ ફી સબીહતે યૌમી હાઝાં, વ મા ઈશ્તો મિન અય્યામી, અહદન વ અકદન વ

બૈઅંતને લહુ ફી ઑનોકીં, લા અહૂંલો અંન્હા વ લા અઝૂલો અબદા, અલ્લાહુમ્મે મજઅંલની મિન અન્સાંરેહિ વ અઅંવાનેહ, વઝ્ઝાંબ્બીન અંન્હો વલ મુસારેઈન ઈલય્હે ફી કંઝાંએ હંવાએજેહ, વલ મુમ્તસેલીન લે અવામેરેહ, વલ મોહાંમીન અંન્હો, વસ સાબેકીંન ઈલા ઈરાદતેહ, વલ મુસ્તશ્હેદીન બૈન યદૈહ, અલ્લાહુમ્મ ઈન હાંલ બૈની વ બૈનહુલ મૌત, અલ્લઝી જઅંલ્તહુ અંલાઅંબાદેક હંત્મન મકંઝીય્યહ, ફ અખ્રિજની મિન કંબ્રી મોઅતઝેરન કફની, શાહેરન સૈફી, મોજરરેદન કંનાતી, મોલબ્બેયન દઅંવતદ દાઈ, ફિલ હાંઝેરે વલ બાદી, અલ્લાહુમ્મ અરેનિત તંલ્અંતર

રશીદહ, વલ ગુરૂતલ હમીદહ, વકહુલ નાઝીરી બે નઝરતીન મિન્ની ઈલૈહ, વ અંજીલ ફરજહુ વ સહહિલ મખ્રજહ, વ ઔસેઅ મન્હજહ, વસ્લુક બી મહજ્જતહ, વ અન્ફિઝં અમ્રહ, વશ્દુદ અઝરહ, વઅમોરિલ્લાહુમ્મ બેહિ બેલાદક, વ અહયી બેહી ઈબાદક, ફ ઈન્નક કુલ્ત વ કૌલોકલ હક્ક, ઝહરલ ફસાદો ફિલ બરરે વલ બહરે બે મા કસબત અયદિન્નાસ, ફ અઝહેરિલ્લાહુમ્મ લના વલીય્યક વબ્ન બિન્તે નબીય્યેકલ મુસમ્મા બિસ્મે રસૂલેક, હત્તા લા યઝફર બે શૈઈન મિનલ બાતિલે ઈલ્લા મઝઝકહુ, વ યુહિક્કલ હક્ક વ યુહક્કેકહૂ, વજઅલ્હુલ્લાહુમ્મ મફઝઅન

લે મઝ઼ૅલૂમે ઈબાદેક, વ નાસેરન લેમન લા યજેદો લહુ નાસેરન ગૈરક, વ મુજદેદન લેમા ઉત્તેલ મિન અહકામે કિતાબેક, વ મુશય્યેદન લેમા વરદ મિન અઅલામે દીનેક, વ સોનને નબીય્યક સલ્લલ્લાહો અલય્હે વ આલેહ, વજઅલ્લહુ લ્લાહુમ્મ મિમ્મન હસંસન્તહુ મિન બઅસિલ મુઅતદીન, અલ્લાહુમ્મ વ સુર઼ નબીય્યક મોહમ્મદન સલ્લલ્લાહો અલૈહે વ આલેહિ બેરૂઅયતેહ, વ મન તબેઅહુ અલા દઅવતેહ, વરહમિસ તેકાનતના બઅદહ, અલ્લાહુમ્મકશિફ હાઝેહિલ ગુમ્મત અન હાઝેહિલ ઉમ્મતે બે હુઝૂરેહ, વ અજિજલ્લના ઝુહૂરહુ ઈન્નહુમ યરવનહુ

બઈદિને વનરાહુ કરીબને બેરહમતેક યા અરહમર રાહેમીને.

પછી ત્રણ વખત પોતાના જમણા સાથળ પર હાથ મારે અને દરેક વખતે આ મુજબ કહે :

અલ્લે અંજલે, અલ્લે અંજલે યા મૌલાય યા સાહેબઝ્ઝમાન. (અલ્લાહુમ્મ..)

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

અય અલ્લાહ, મહાન નૂરના પાલનહાર, ઊંચી સલ્તનતના પાલનહાર, ઘૂઘવાતા સમુદ્રના પાલનહાર, તૌરેત, ઝબૂર અને ઈન્જીલને નાઝિલ કરનાર, છાંયડા તથા તડકાના પાલનહાર, મહાન કુરઆનને નાઝિલ કરનાર, મુકર્રબ મલાએકાઓ, અંબિયા તથા મુરસલીન (અ.સ.)ના પાલનહાર, અય અલ્લાહ હું તારી પાસે સવાલ કરૂં છું, તારી ઉદાર જાતના વાસ્તાથી, તારી જાતના ઝળહળતા નૂરના વાસ્તાથી અને તારી હંમેશાની સલ્તનતના

વાસ્તાથી, અય હંમેશાથી જીવંત! અય જીવંત જ્યારે કોઈપણ જીવંત ન હતું, અય હંમેશા બાકી રહેવાવાળા! હું તારા એ નામના વાસ્તાથી સવાલ કરૂં છું કે જેના કારણે આસમાનો અને ઝમીનો ચમકી રહ્યા છે, અને તારા એ નામના વાસ્તાથી કે જેના થકી અગાઉના અને આખરના લોકોની તું સુધારણા કરે છે. એ દરેક જીવંતની પહેલા હંમેશાથી જીવીત અને દરેક જીવંતની પછી પણ જીવંત એ જીવંત જ્યારે કોઈપણ જીવંત ન હતું (ત્યારે પણ જીવંત હતો), અય મુર્દાઓને જીવતા કરનાર અને જીવતા લોકોને મારનાર, અય હંમેશના જીવંત, તારી સિવાય બીજો કોઈ મઅબૂદ નથી. અય અલ્લાહ તું અમારા મૌલા, ઈમામ, હાદી, મહદી અને તારા હુક્મની સાથે કયામ કરનારને સલવાત મોકલ (રહમત નાઝિલ કર). -તેમના ઉપર અને તેમના પવિત્ર પૂર્વજો ઉપર અલ્લાહના સલામ થાય,- તમામ મોઅમીનો અને મોઅમેનાત કે જેઓ જમીનના પૂર્વ તથા પશ્ચિમમાં, રણમાં તથા પહાડો ઉપર અને ધરતી ઉપર તથા દરિયાઓમાં

વસે છે તે બધાની તરફથી, મારા તરફથી અને મારા મા-બાપની તરફથી, એવી સલવાત કે જેનું વજન અલ્લાહના અર્શની જેટલું હોય, તેના ક્લેમાતની શાહીની બરોબર હોય, જેની ગણતરી તેના ઈલ્મમાં છે અને જેને તેની કિતાબે ઘેરી લીધેલ છે. અય અલ્લાહ હું આજના દિવસની સવારે ફરીવાર અહદ કરૂં છું અને મારી જિંદગીના જેટલા પણ દિવસો જીવતો રહું હું મારો વાયદો, કરાર અને બયઅત કે જે મારી ગરદન ઉપર છે, હું તેનાથી ફરીશ નહી અને હંમેશા તેના ઉપર અડગ રહીશ. અય અલ્લાહ! મને તેમના મદદગારોમાં, તેમના સહાયકર્તાઓમાં, તેમની હાજતોને પૂરી કરવા માટે તેમની તરફ ઝડપથી આગળ વધી જનારાઓમાં, તેમના હુકમોનું પાલન કરવાવાળાઓમાં, તેમનું સમર્થન કરવાળાઓમાં, તેમના ઈરાદાઓ તરફ ઝડપથી આગળ વધી જનારાઓમાં, અને તેમની નજરની સામે શહાદતનો દરજ્જો પ્રાપ્ત કરનારાઓમાં શામીલ કરી દે. અય અલ્લાહ જો મારી અને તેમની દરમ્યાન (ઝુહૂરની

પહેલાં) મૌત આવી જાય, (તે મૌત) કે જેને તેં તારા બંદાઓ માટે ચોક્કસપણે નિશ્ચિત કરેલ છે, તો તું મને મારી કબ્રમાંથી એવી રીતે બહાર કાઢજે કે મારૂં કફન મારો પોશાક હોય, તલવારને મ્યાનમાંથી ખેંચેલી હોય, નેઝો ઉપાડેલ હોય અને શહેરમાં હોઉ કે રણમાં ગમે તે સ્થાનેથી પોકારનારની અવાઝ ઉપર લબ્બૈક કહું. અય અલ્લાહ મને તેમના હિદાયત ધરાવનારા ચહેરા અને તેમના પ્રસંશનીય ચમકતા મુખને દેખાડી દે, તેમના દીદાર થકી મારી નજરોને રોશન - પ્રકાશિત બનાવી દે, તેમના ઝુહૂરમાં જલ્દી કર, તેમના ઝુહૂરને સરળ બનાવી દે, તેમના રસ્તાને વિશાળ કરી દે, મને તેમના રસ્તા ઉપર ચલાવ, તેમના હુક્મોને કાયમ કર અને તેમની પીઠને મજબૂત કર, અય અલ્લાહ! તું તેમના થકી તારા શહેરોને આબાદ કર, અને તેમના થકી તારા બંદાઓને સજીવન કર, કારણકે તેં ફરમાવ્યું છે અને તારૂં ફરમાન સાચું છે કે, "જમીન અને દરિયામાં લોકોની કરણીના લીધે ફસાદ ફેલાઈ ગયો છે." તો પછી

અય અલ્લાહ તું અમારા માટે તારા વલીને જાહેર કર, કે જે તારા નબીની દીકરીના દીકરા છે અને જેમનું નામ તારા નબીનું નામ છે. ત્યાં સુધી કે તેઓ દરેક બાતિલની ઉપર પ્રભુત્વ મેળવી લે, હક્કને કાયમ કરી દે અને તેમને હક્કના કાયમ કરનાર બનાવી દે. અય અલ્લાહ! તું તેમને તારા મઝલૂમ બંદાઓનું આશ્રયસ્થાન બનાવી દે, અને તે લોકોના મદદગાર બનાવી દે કે જેઓનો તારી સિવાય બીજો કોઈ મદદગાર નથી. અને તારી કિતાબના તે હુકમો કે જેને રદ બાતિલ કરી નાંખવામાં આવ્યા છે તેને સજીવન કરનાર બનાવી દે. અને દીનની નિશાની અને તારા નબી (તેમના પર અને તેમની આલ ઉપર અલ્લાહની રહેમત થાય)ની સુન્નતને ફરીથી સજીવન કરનાર બનાવી દે. અને અય અલ્લાહ! એમને તે લોકોમાં સ્થાન આપ કે જેમને તેં દુશ્મનોની સખ્તાઈ સામે રક્ષણ આપ્યું છે. અય અલ્લાહ તું તારા નબી મોહમ્મદ (સ.અ.વ.) (તેમના પર અને તેમની આલ ઉપર અલ્લાહની રહેમત થાય)ને તેમના દીદારથી ખુશ

કરી દે અને જેઓ તેમના કહેણ ઉપર તેમની તાબેદારી કરે છે (તેમને પણ તેમના દીદારથી ખુશ કરી દે.) અને તેમના (આવવા) પછી અમારી ગુરબત ઉપર રહેમ ફરમાવ. અય અલ્લાહ! તેમની હાજરી થકી આ ઉમ્મતના ગમને દૂર કરી દે. અને અમારા માટે તેમના ઝુહૂરમાં જલ્દી કરી દે. કારણકે લોકો (વિરોધીઓ) ઝુહૂરને દૂર સમજે છે અને અમે તેને નઝદીક જાણીએ છીએ. તારી રહેમતના વાસ્તાથી અય સૌથી વધારે રહેમ કરવાવાળા.

(પોતાના જમણા સાથળ પર ત્રણ વખત હાથ મારે અને દરેક વખતે આમ પઢે.)

જલ્દી આવો, જલ્દી આવો, અય મારા મૌલા. અય સાહેબઝઝમાન.

# દુઆએ હઝરતે મહદી (અ.સ.)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહુમ્મરઝુકના તવફીકત્તાઅતે વ બોઅદલ મઅસયતે વ સિદકન નિય્યતે વ ઈરફાનલ હુરમતે વ અકરિમ્ના બિલ હુદા વલ ઈસ્તેકામતે વ સદદિદ અલ સેનતના બિસ્સવાબે વલ હિકમતે વમલઅ કુલૂબના બિલ ઈલ્મે વલ મઅરેફતે વ તહહિર બુતૂનના મિનલ હરામે વ શ્શુબ્હતે વકફુફ અયદેયના અનિઝ ઝુલ્મે વસ્સિરકતે વગઝુઝ અબ્સારના અનિલ ફુજૂરે વલ ખિયાનતે વસદુદ અસ્માઅના અનિલ લગવે વલ ગીબતે વ તફઝઝલ અલા ઉલમાએના બિઝઝુહદે વન્નસીહતે વ અલલ મુતઅલ્લેમીના બિલ જોહદે વરરગબતે વ અલલ મુસ્તમેઈના બિલ ઈત્તેબાએ વલ મવઈઝતે વ અલા મરઝલ

મુસ્લેમીના બિશ્શાફાએ વર્રાહતે વ અલા મવતાહુમ બિર્રઅફતે વર રહમતે વ અલા મશાયેખેના બિલ વકારે વસ્સકીનતે વ અલશ્શબાબે બિલ ઈનાબતે વત્તવબતે, વ અલન્નિસાએ બિલ હયાએ વલ ઈફફતે વ અલલ અગ્નેયાએ બિત્તવાઝોએ વસ્સઅતે વ અલલ ફોકરાએ બિસ્સબ્રે વલ કનાઅતે વ અલલ ગુઝાતે બિન્નસ્રે વલ ગલબતે વ અલલ ઉસરાએ બિલ ખલાસે વર્રાહતે વ અલલ ઉમરાએ બિલ અદલે વશ્શફકતે વ અલર રઈય્યતે બિલ ઈન્સાફે વ હુસ્નિસ્સીરતે વ બારિક લિલ હુજ્જાજે વઝ ઝુવ્વારે ફિઝઝાદે વન્નફકતે વકઝે મા અવજબ્ત અલયહીમ મિનલ હજ્જે વલ ઉમ્રતે બે ફઝ્લેક વ રહમતેક યા અરહમર્રાહેમીન.

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

ખુદાયા અમોને બંદગી કરવાની તોફીક આપ, અને ગુનાહોથી દૂર રહેવાની, નિય્યતમાં સચ્ચાઈ અને હરામ ચીઝોને ઓળખવાની શક્તિ આપ, અને અમોને હિદાયત તથા તેના ઉપર સાબિત કદમ રાખી માનવંતા બનાવ. અમારી ઝબાનોને હિક્મતની વાતોથી શણગાર, અમારા દિલોને ઈલ્મ અને માઅરેફતથી ભરી દે. અમારા પેટને હરામ તથા શક્વાળી ચીજોથી બચાવ, અમારા હાથોને ઝુલ્મ અને ચોરી કરવાથી રોકી દે, અમારી આખોને હરામ જોવાથી, તથા ખયાનત કરવાથી રોકી દે, અને અમારા કાનોને ખરાબ વાતો અને ગીબત સાંભળવાથી રોકી દે, અમારા આલિમો ઉપર તક્વા અને નસીહતો સાથે મહેરબાની કર, ઈલ્મ હાસિલ કરનારાઓને દિલથી મહેનત કરવાની અને સાંભળનારાઓને નસીહતો કબૂલ કરવાની તોફીક આપ. બીમાર મુસલમાનોને શિફા અને રાહત આપ. મર્હુમો ઉપર રહેમત નાઝિલ ફરમાવ.

અમારા ઝઈફોને પ્રભાવ અને શાંતિ અતા ફરમાવ, જવાનોને અલ્લાહની તાબેદારી અને તોબા કરવાની, ઔરતોને હયા અને પાકદામની અતા ફરમાવ, માલદારોને ઉદાર દિલ અને નમ્રતા, અને ગરીબોને ધીરજ અને સંતોષ અતા ફરમાવ, યોધ્ધાઓને મદદ કર અને (દુશ્મનો ઉપર કાબૂ હાંસિલ કરવામાં) કામ્યાબી આપ, કૈદીઓને રાહત અને છૂટકારો આપ, હાકીમોને લોકો સાથે ન્યાયી રીતે વર્તવાની અને મહેરબાની કરવાની તોફીક અતા ફરમાવ, લોકોને ઇન્સાફ અને નેક કિરદાર અતા ફરમાવ, હાજીઓ તથા ઝવ્વારોને તેઓ ઉપર જે વાજિબ કર્યું છે તે અદા કરવાની તોફીક આપ અને બરકત આપ, અને તેમને ખાવાપીવાની ચીજોમાં અને વાટ ખર્ચમાં વિશાળતા આપ, અને હજ તથા ઉમરાને તેં જે તેમની ઉપર વાજીબ કર્યાં છે તેને તારા ફઝલ અને રહેમતથી સારી રીતે અદા કરાવ. અય બહેતરીન રહેમ કરનાર.

# રવિવારના દિવસની દુઆ

બિસ્મિલ્લાહિર રહેમાનિર રહીમ

બિસ્મિલ્લાહિલ્લઝીઁ લા અરજૂ ઈલ્લા ફઝ્લહૂ વલા અખ્શા ઈલ્લા અદલહૂ વલા અઅ્તમેદો ઈલ્લા કવ્લહૂ વલા ઉમ્સેકો ઈલ્લા બે હબ્લેહી બેક અસ્તજિરો યા ઝલ્ અફ્વે વર રિઝ્વાને મિનઝ્ઝુલ્મે વલ્ ઉદ્વાને વ મિન્ ગેયરિઝ ઝમાને વ તવાતોરિલ અહ્ઝાને વ તવારેકિલ હદસાંને વ મિનિન્ કિઝાઈલ મુદ્દતે કબ્લત્ તઅહહોબે વલ્ ઉદ્દતે વ ઈય્યાક અસ્તરશેદો લેમા ફીહિસ્સલાહો વલ્ ઈસ્લાહો વ બેક અસ્તઈનો ફીમા યક્તરેનો બેહિન્નજાહો વલ્ ઈન્જાહો વ ઈય્યાક અરગબો ફી

લિબાસિલ આંફેયતે વ તમામેહા વ શોમૂલિસ સલામતે વ દવામેહા વ અઉઝોં બેક યા રબ્બે મિન હમઝાતિશ શયાતીને વ અહતરેઝો બે સુલતાનેક મિન જવરિસ સલાતીને ફ તકબ્બલ મા કાન મિન સલાતી વ સવમી વજઅલ ગદી વમા બઅદહૂ અફઝલ મિન સાઅતી વ યવમી વ અઈઝઝની ફી અશીરતી વ કવ્મી વહફઝની ફી યકઝતી વ નવમી ફ અન્તલ્લાહો ખયરુન હાફેઝવ વ અન્ત અરહમુર રાહેમીન. અલ્લાહુમ્મ ઈન્ની અબરઓ ઈલયક ફી યવમી હાઝા વમા બઅદહૂ મિનલ અહાદે મિનશ શિરકે વલ ઈલ્હાદે વ ઉખલેસો લક દુઆઈ તઅરરોઝલ લિલ ઈજાબતે વ ઓકીમો અલા તાઅતેક રજાઅલ લિલ

ઈસાંબતે ફ સંલ્લે અંલા મોહંમ્મદિને ખંયરે
ખંલકેંકદ દાઈં ઈલા હંકંકેંક વ અઈંઝઝની
બે ઈંઝઝેકલ્લઝીં લા યોઝાંમો વહંફઝંની બે
અંયનેકલે લતી લા તનામો વખં તિમે બિલે
ઈનકેંતાએં ઈલયક અમેરી વ બિલે મગંફેરતે
ઉમેરી. ઈન્નક અન્તલે ગંફુરૂરે રહીંમ.

# રવિવારના દિવસની દુઆનો તરજુમો

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

ખુદાના નામથી શરૂ કરૂં છું એના ફઝલ સિવાય બીજા કશાયની આશા નથી રાખતો અને તેના ન્યાય સિવાય બીજા કશાયથી ડરતો નથી. અને એકમાત્ર તેની વાત સિવાય બીજા કશાય પર ભરોસો નથી કરતો. અને તેની રસ્સી સિવાય બીજી કોઇ વસ્તુમાં વિશ્વાસ નથી કરતો.

(ખુદા વન્દા!) હે માફી અને રઝામંદી વાળા! હું તારાથી આશરો માંગુ છું. ઝુલ્મો સિતમ અને જમાનાની હેરાફેરી માંથી, (બચવા માટે) અને ઉપરાચાપરી રંજ અને ગમ આવવાથી, અને જમાનાની નવી નવી સખ્તીઓ, અને સામાન દુરૂસ્ત કરવા અને મુસાફરીનું ભાથું એકઠું કરતા પહેલા ઉમર વીતી જવાથી, અને તારાથી જ એ

કાર્ય તરફ માર્ગદર્શન માંગું છું. જેમાં નજાત અને કામ્યાબી હોય. અને તારી જ મદદ ચાહું છું એ કામમાં જેમાંથી હેતુ પાર પાડવા અને પાર પડવાનું શક્ય હોય અને તારાથી કુંશળતાના વસ્રો અને તેમનો પ્રાપ્ત થવાની ઇચ્છા કરૂં છું. એવી કુશળતા કે નિત્ય રહેનારી સલામતી જેની સાથે હોય. પરવર દિગાર! હું તારા માધ્યમથી, શૈતાનની ઇશારાઓથી પનાહ માંગુ છું અને તારા પ્રભુત્વની છાયા હેઠળ રહીને શાસકોના અત્યાચારથી બચવા માંગું છું આથી તુ મારી નમાઝ અને રોઝા કબૂલ ફરમાવ. અને આવતી કાલ અને એના પછી આવનારા દિવસને મારી આ પળ અને મારા આ દિવસથી બહેતર બનાવ અને મારા કબીલા અને મારી કોમમાં ઈઝ્ઝતવાળો બનાવ. અને જાગતા કે ઊંઘતા મારી રક્ષા કર. કારણકે હે ઇબાદત ને પાત્ર ! તું જ સૌથી શ્રેષ્ઠ રક્ષા કરનારો છે. અને તું જ શ્રેષ્ઠ રહેમ કરનારો છો.

ખુદાયા ! હું તારી સામે આ દિવસે અને આના પછી શિર્ક અને કુફ્રથી મુક્ત થાઉં છું અને

તારી પાસે નિખાલસ મનથી દુઆ માંગું છું કે જેથી તૂ કબૂલ ફરમાવે. અને તારી તારા સવાબની ઉમ્મીદ સાથે તારો આજ્ઞાકારી થાઉં છું. આથી તું મોહમ્મદ (સ.અ.વ.) પર રહેમત નાઝિલ કર. જેઓ તારી મખ્લૂકમાં સર્વ શ્રેષ્ઠ હતા. અને લોકોને હક (સત્ય/અલ્લાહ ) તરફ દા'વત આપનારા હતા. અને મને પોતાની ઇઝ્ઝતથી ઇઝઝત આપ. એવી (ઇઝ્ઝત) કે જે છીનવી શકાય નહિં. અને પોતાની કદીયે ન ઊંઘતી આંખથી મારૂં રક્ષણ કર. અને મને માત્ર પોતાનો જ બનાવીને મારો મામલો પૂરો કર. અને પોતાની બક્ષિક્ષ પર મારી ઉંમર તમામ કર. નિ:શંક! તું જ બક્ષનાર અને મહેરબાન છો.

# સોમવારની દુઆ

બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ

અલહમ્દો લિલ્લાહિલ લઝી લમ યુશહિદ અહદન હીન ફતરસ્સમાવાતે વલ અરઝ વ લત્તાખઝ મોઈનન હીન બરઅન્નસમાતે લમ યોશારક ફિલ ઈલાહિય્યતે વ લમ યોઝાહર ફિલ વહદાનિય્યતે કલ્લતિલ અલસોનો અન ગાયતે સિફતેહી વલ ઉકૂલો અન કુનહે મઅરેફતેહી વ તવાઝઅતિલ જબાબેરતો લે હયબતેહી વ અનતિલ વોજૂહો લે ખશયતેહી વનકાદ કુલ્લો અઝીમિલ લે અઝમતેહી ફ લકલ હમ્દો મુતવાતેરમ મુત્તાસેકન વ

મુતવાલેયનં મુસ્તવસેકૅન વ સૅલવાતોક અૅલા રસૂલેહી અબદંન વ સલામોહૂ દાૅઈમન સરમદન અલ્લાહુમ્મજઅૅલ અવ્વલ યવમી હાઝા સૅલાહૅન વ અવસતૅહૂ ફલાહૅન વ આખેરહૂ નજાહૅન વ અઉઝો બેક મિન યવમિન અવ્વલોહૂ ફઝઉન વ અવસતોહૂ જઝઉન વ આખેરોહૂ વજઉન. અલ્લાહુમ્મ ઈન્ની અસ્તગફેરોક લે કુલ્લે નઝરિન નઝરતોહૂ વ કુલ્લે વઅૅદિન વ અૅદતોહૂ વ કુલ્લે અૅહદિન અૅહદતોહૂ સુમ્મ લમ અફે બેહી વ અસ્અલોક ફી મઝાૅલેમે અૅબાદેક ઈન્દી ફ અય્યોમા અૅબ્દિમ મિન અૅબીદેક અવ અમતિન મિન ઈમાૅએક કાનત લહૂ કેબલી મઝલેમતુન ઝલમ્તોહા

ઈય્યાહૂ ફી નફસેહી અવ ફી ઈરઝેહી અવફી માલેહી અવ ફી અહલેહી વ વલદેહી અવ ગીબતુન અગતબતોહૂ બેહા અવ તહાંમોલુન અલયહે બે મયલિન અવ હવન અવ અનફતિન અવ હંમીય્યતિન અવ રેયાઈન અવ અસબિય્યતિન ગાએબન કાન અવ શાહેદન અવ હંય્યન કાન અવ મય્યેતન ફ કસોરત યદી વ ઝાક વુસઈ અન રદદેહા ઈલયહે વત તહલ્લોલે મિનહો ફ અસ્અલોક યા મંન યમલેકુલ હાજાતે વ હેય મુસતજીબતુન લે મશિય્યતેહી વ મુસરેઅતુન ઈલા ઈરાદતેહી અન તોસલ્લેય અલા મોહંમ્મદિન વ અલા આલે મોહંમ્મદિન વ અન તુરઝેયહૂ અન્ની બેમા

શિઅ્તિ વ તહબ લી મિન્ ઈન્દેક રહ્મતન્ ઈન્નહૂ લા તન્કોસોકલ્ મગ્ફેરતો વલા તઝ્રરોકલ્ મવ્હેબતો યા અર્હમર રાહેમીન. અલ્લાહુમ્મ અવ્લેની ફી કુલ્લે યવ્મિસ્નયને નિઅ્મતયને મિન્ક સિન્તયને સઆદતન્ ફી અવ્વલેહી બે તાઅતેક વ નેઅ્મતન્ ફી આખેરેહી બે મગ્ફેરતેક યા મન્ હોવલ્ ઈલાહૂ વલા યગ્ફેરૂઝ્ ઝોનૂબ સેવાહૂ.

# સોમવારની દુઆનો તરજુમો

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

સફળ સ્તુતિ એ અલ્લાહને માટે છે કે જેણે આકાશ અને પૃથ્વીના સર્જન સમયે કોઇને સાક્ષી બનાવ્યો ન હતો.

(અર્થાત આ વસ્તુઓનું સર્જન ત્યારે કર્યું જ્યારે કોઇ જ ન હતું) અને સજીવોને પેદા કરતી વખતે કોઇને સહાયક બનાવ્યો ન હતો. એ મા'બૂદ જેની ઉલૂહિયતમાં એનો કોઈ જ ભાગીદાર નથી. અને તેની અનુપમતાનો અંત નથી. એની વાસ્તવિક સ્તુતિ કે પ્રશંસા કરવામાં સઘળી જીભો અશક્ત છે. અને સર્વ પ્રકારની બુદ્ધિઓ તેની વાસ્તવિક ઓળખ મેળવવામાં અશક્ત છે. તેની હેબતથી મોટા મોટા ઝુલ્મીઓ નત મસ્તક માથું નમાવીને ઉભા છે. અને તેના ભયથી એ ચહેરા જમીન

તરફથી હટતા નથી. (એટલે કે તેઓ માથું ઉચકી શકતા નથી.) અને સર્વ મોટા લોકો એની મહાનતાના આજ્ઞાકારી છે. આમ (ખુદાયા!) તારા માટે જ સકળ સ્તુતિ છે. ઉપરાચાપરી એકબીજા સાથે મળેલી, એક પછી બીજી એક સાથે બીજી બંધાયેલી, એની રહેમતો થાય એના રસૂલ પર હર હંમેશ અને એના સલામ થાય હંમેશ હંમેશ.

ખુદાવન્દા મારા આ દિવસના આગળના ભાગને દુરૂસ્તી ઠરાવ અને એના મધ્ય ભાગને સફળતા અને અંતિમ ભાગને ઉદ્દેશ્યપૂર્તિ અને (ખુદાયા!) હું દિવસથી (બચવા માટે) તારી પનાહ માંગું છું. જેનો શરૂઆતનો ભાગ ભય અને મધ્ય ભાગ બેચેની અને અંતિમ ભાગ કરૂણ હશે. ખુદાયા! હું (જરૂર) તારી પાસે બક્ષાવા માંગું છું મારી દરેક એવી દ્રષ્ટિ અને મારા વચનો અને મારા દઢ નિર્ધારો. જેમને હું પૂર્ણ કરી શક્યો નહિં. અને તારા મજલૂમ (ઝુલ્મના બદલામાં ચૂકવાતું વળતર) બંદાઓ ખાતર તારી પાસે સવાલ કરૂં છું

આથી તારા બંદાઓ પૈકી જો કોઇ બંદાને અથવા દાસીઓ પૈકી જે કોઈ દાસીને મારી બાબત ફરિયાદ હોય. જેમાં મેં એના પર ઝુલમ કર્યો હોય ખુદ એના પર અથવા એની આબરૂ કે પછી એના માલ પર એના સગા સંબંધીઓ ઉપર અને તેના સંતાનો પર કે મેં એની કોઇ ગીબત (પીઠ પાછળ કરવામાં આવતી બૂરાઇ કે ચાડી) કરી હોય કે એના કષ્ટનું નિમિત્ત બન્યો હોઉં કે મનમાં અભિગમ કે વ્યર્થ ઇચ્છા કે તિરસ્કાર કે દગો કે આડંબર કે પક્ષપાતને કારણે પછી તારો એ બંદો મૌજૂદ હોય કે મૃત પછી મારા હાથ વિવશ રહ્યા હોય અને મારી શક્તિએ તંગ કરી હોય તેને પરત કરવામાં કે તે બક્ષાવી લેવામાં તો હું તારી પાસે સવાલ કરૂં છું હે હાજતોના એવા માલિક! તમામ હાજતો જે મશિય્યતની ફરમાંબરદાર છે. અને જેના ઇરાદા પરતે ઝડપથી ગતિ કરે છે કે તુ મોહમ્મદ અને આલે મોહમ્મદ પર રહેમત નાઝિલ ફરમા અને એ વ્યક્તિને મારાથી રાજી કરી દે. જે રીતે તુ ઇચ્છે અને જેનાથી મને

નુક્સાન ન પહોંચે અને અતા કરવાથી તને નુક્સાન થતું નથી. હે રહેમ (દયા) કરનારાઓમાં શ્રેષ્ઠ રહમ કરનાર!

ખુદાયા! મને અઠવાડિયાના દર બીજા દિવસે (દર સોમવારે) બે નેઅમતો અતા ફરમાવ. પ્રથમ ઈતાઅતની સઆદત (તારી ફરમાબરદારી કરવાનું સદ્ભાગ્ય) અને બીજું મગફેરતની નેઅમત કે જેના સિવાય કોઇ માઅબૂદ નથી ગુનાહો માફ કરે.

# મંગળવારની દુઆ

બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ

અલહમ્દો લિલ્લાહે વલહમ્દો હક્કોહૂ કમા યસતહિક્કોહૂ હમ્દન કસીરંન વ અઉઝો બેહી મિન શર્રે નફસી ઈન્નન નફસ લ અમ્મારતુમ બિસ સૂએ ઈલ્લા મા રહેમ રબ્બી વ અઉઝો બેહી મિન શરરિશ શયતાનિલ લઝી યઝીદોની ઝંમ્બન ઈલા ઝંમ્બી વ અહતરેઝો બેહી મિન કુલ્લે જબ્બારિન ફાજેરિંવ વ સુલતાનિન જાએરિંન વ અંદુવ્વિન કાહેરિન. અલ્લાહુમ્મજ અલ્ની મિન જુન્દેક ફ ઈન્ન જુન્દક હુમુલ ગાલેબૂન વજઅલ્ની મિન હિઝબેક ફ ઈન્ન હિઝબક હુમુલ મુફલેહૂન

વજ્અલની મિન અવલેયાએક ફ ઈન્ન અવલેયાઅક લા ખવફુન અલયહિમ વ લા હુમ યહઝનૂન. અલ્લાહુમ્મ અસલેહ લી દીની ફ ઈન્નહૂ ઈસમતો અમરી વ અસલિહ લી આખેરતી ફ ઈન્નહા દારો મકર્રી વ ઈલયહા મિન મુજાવરતિલ લેઆમે મફર્રી વજ્ અલલ હયાત ઝિયાદતન લી ફી કુલ્લે ખયરિન વલ વફાત રાહતન લી મિન કુલ્લે શર્રિન. અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિન ખાતમિન નબિય્યીન વ તમામે ઈદ્દતિલ મુરસલિન વ અલા આલેહિત તય્યેબીનત તાહેરીન વ અસહાબેહિલ મુનતજબીન વ હબ લી ફિસ સોલસાએ સલાસલ લા તદઅ લી ઝમ્બન ઈલ્લા ગફરતહૂ વલા ગમ્મન ઈલ્લા અઝહબ્તહૂ

વલા અઁદુવ્વન ઈલ્લા દફઅઁતહૂ બે બિસ્મિલ્લાહે ખઁયરિલ અસમાઁએ બિસ્મિલ્લાહે રબ્બિલ અરઝેઁ વસ્સમાઁએ અસ્તદફેઓઁ કુલ્લ મકરૂહિન અવ્વલોહૂ સખઁતોઁહૂ વ અસ્તજલેબો કુલ્લ મહઁબૂબિન અવ્વલોહૂ રેઝાઁહુ ફખઁતિમ લી મિન્ક બિલ ગુઁફરાને યા વલિય્યલ એહઁસાન.

# મંગળવારની દુઆનો તરજુમો

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

સર્વ સ્તુતિ માત્ર અલ્લાહને માટે જ છે, અને સ્તુતિ એનો અધિકાર છે. જેવો એ એનો અધિકારી છે. હું એની ખૂબ જ સ્તુતિ કરૂં છું. અને પોતાના નફસની શરારત થી એની પનાહ માંગું છું. નિ:શક નફસ બૂરાઇનો આદેશ આપે છે પરંતુ એ કે મારો પરવરદિગાર દયા કરે અને હું એના દ્વારા જ દરેક અત્યાચારી, બદકાર અને જાલિમ શાસક અને છવાયેલા શત્રુથી પોતાને બચાવું છું.

હે ખુદા! તું મને પોતાના સૈન્યમાં રાખ, કારણકે તારૂં જ સૈન્ય કામ્યાબ છે. અને મને તારા સમુદાયમાં રાખ. કારણકે તારો જ સમુદાય સફળ છે. અને મને તારો મિત્રોમાં રાખ કારણકે તારા મિત્રો માટે

ન તો કાંઈ ભય છે. કે ન તો તેઓ ગમગીન થશે.

હે ખુદા! મારા માટે દીનને દુરસ્ત કર. કારણકે એ જ મારા મામલાનું રક્ષણ કરનાર છે અને મારા માટે મારી આખેરત ઠીક કર કારણકે એ જ મારા કાયમી રહેઠાણનું ઘર છે. અને તે હલકા લોકોથી દૂર ભાગવાની જગ્યા છે અને મૌતને દરેક તકલીફમાંથી રાહતનું માધ્યમ બનાવ.

હે ખુદા! ખાતિમે અંબિયા અને પયગંબરોની સંખ્યાને પૂરી કરનારા હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વઆલેહી વસલ્લમ અને તેમના પવિત્ર પુનિત સંતાનો પર અને તેમના શરીફ અસ્હાબો ઉપર રહેમત નાઝિલ ફરમા. અને મંગળવારે મને ત્રણ વસ્તુઓ ઇનાયત કર.

(૧) મારો કોઇ પણ ગુનાહ બખ્શ્યા વગરનો ન છોડ, (૨) મારો દરેક ગમ દૂર કરી દે. (૩) મારા દરેક દુશ્મનને મારાથી દૂર કરી દે. "અલ્લાહ"' નામને વાસ્તે જે તમામ નામોમાં શ્રેષ્ઠ છે. અલ્લાહના નામે કે જે પૃથ્વી અને આકાશનો

પરવરદિગાર છે. હું એવી દરેક બૂરાઇને મારાથી દૂર રાખવા માંગું છું જેની શરૂઆત જ ખુદાની નારાજગીથી થતી હોય. અને એ જ નામના વસીલાથી દરેક એવી મન ગમતી વસ્તુને પોતાની તરફ લાવવા માંગું છું. આથી હે એહસાન (ઉપકાર)ના માલિક! મારો અંત તારી મગ્ફેરત પર કરજે.

# બુધવારની દુઆ

બિસ્મિલ્લાહિર રહ્‍માનિર રહીમ

અલ્‍હમ્દો લિલ્લાહિલ લઝી જઅલલ લયલ લિબાસંવ વન નવમ સુબાતંવ વ જઅલન નહાર નુશૂરલ લકલ હમ્દો અમ બઅસ્તની મિમ મરકદી વ લવ શિઅત જઅલતહૂ સરમદન હમદન દાએમન લા યનકતેઓ અબદંન વલા યુહસી લહુલ ખલાએકો અદદા. અલ્લાહુમ્મ લકલ હમ્દો અન ખલકત ફ સવ્વયત વ કદદરત વ કઝયત વ અમતત વ અહયયત વ અમરઝત વ શફયત વ આફયત વ અબલયત વ અલલ અરશિસતવયત વ અલલ મુલકિહતવયત અદઉક દુઆઅ મન

ઝૅઓંફતે વસીલતોહૂ વનેકંતંઅંતે હીંલ તોહૂ વકંતરબ અજલોહૂ વ તદાની ફિદે દુન્યા અમલોહૂ વશેતદદતે ઈલા રહેંમતેક ફાકંતોહૂ વ અંઝીંમતે લે તફરીતેંહી હંસંરતોહૂ વ કસોંરતે ઝલ્લતોહૂ વ અંસંરતોહૂ વ ખંલોસંતે લે વજહેક તવંબતોહૂ ફ સંલ્લે અંલા મોહંમ્મદિને ખાંતમિને નબિય્યીન વ અંલા અહલે બયતેહિતેં તંય્યેબીનતેં તાંહેરીન વરંઝુકંની શફાઅંત મોહંમ્મદિને સંલ્લલ્લાહો અંલયહે વ આલેહી વલા તહંરિમની સુહંબતહૂ ઈન્નક અનત અરહંમુરે રાહેંમીન. અલ્લાહુમે મકંઝે લી ફિલે અરબઆંએ અરબઅંને ઈજઅંલે કુંવ્વતી ફી તાંઅંતેક વ નશાતીં ફી ઈબાદતેક વ રગંબતી ફી સંવાબેક વ ઝુહદી ફી મા

યૂજેબો લી અલીમ ઈકાંબેક ઈન્નક લતીફૂને લેમા તશાઁઓ.

# બુધવારની દુઆનો તરજુમો

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

સર્વ સ્તુતિ એ ખુદાને માટે જ છે જેણે રાત્રિને વસ્ત્રો સમી (દોષ ઢાંકી દેનાર) બનાવી. અને ઉંઘને આરામ(નું માધ્યમ) બનાવ્યું. અને દિવસને (આજીવિકા ઉપર્જન અર્થે) ફેલાઈ જવાનો સમય બનાવ્યો. તારી જ સ્તુતિ (કરીએ છીએ) કે તેં મને મારા શયનખંડમાંથી ફરી ઉઠાવ્યો (જગાડયો) અને જો (તું ઇચ્છતો તો એજ ઉંઘને) હંમેશ જારી રાખતો હું તારી એવી સ્તુતિ કરૂં છું કે જે ચિરંજીવી હોય અને ક્યારેય એનો સિલસિલો ન તૂટે અને એટલી બધી હોય કે મખ્લૂક (સૃષ્ટિ) માંથી કોઈ એની ગણતરી કરી જ ન શકે.

હે ખુદા! તારા માટે જ હમ્દ (પ્રશંસા) છે કે તેં જે કાંઈ વસ્તુ પેદા કરી એનું યોગ્ય સંર્જન કર્યું અને એના પ્રમાણો નિશ્ચિત કર્યા. અને એની ઉપર

આદેશો લાધ્યા. એમને માર્યા એમને જીવાડયા એમને માંદા પાડયા અને પછી તંદુરસ્તી આપી. એમને સલામતી આપી. અને (ક્યારેક અજમાયશ કે કસોટી) માં નાખ્યા તું પોતાની અર્શ (આકાશ) પર પ્રભુત્વ ધરાવે છે. (તારા અર્શ પર તારા સિવાય બીજું કોઇ નથી)

એ વ્યકિતની જેમ પોકારૂં છું જેનો વસીલો નબળો હોય. અને એની યુકિતઓની શ્રંખલા તૂટી ગઇ હોય અને એની મોત નજીક આવી પહોંચી હોય. અને દુન્યાવી આશાઓ પણ એની નજીક આવી પહોંચી હોય. અને તારી રહેમતની એને સખ્ત જરૂર હોય. એની ભૂલો અને દોષો પણ વધારે થઇ ચૂક્યા હોય. અને નિખાલસ મને એ તારી બારગાહ (દરબાર)માં તૌબા કરતો હોય.

આથી હે ખુદા ! ખાતેમુલ અંબિયા હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલૈહે વઆલેહી વસલ્લમ ઉપર અને એમના પાક અને પાકીઝા એહલે બૈત ઉપર રહેમત નાઝિલ ફરમાવ. અને મને હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલૈહે વઆલેહી વસલ્લમની

સિફારિશ (ભલામણ) ઇનાયત કર. અને જન્નતમાં એમની સોહબત-સાથથી મને વંચિત ન કરજે. નિ:શક તૂ જ દયા કરનારાઓમાં સૌથી વધુ દયા કરનાર છો.

હે ખુદા! બુધવારે મારા માટે ચાર બાબતોને હુકમ ફરમાવ. (૧) પોતાની ફરમાંબરદારી (આજ્ઞાકારી)ની મને શક્તિ આપ, (૨) તારી ઇબાદત કરવાનો શોખ આપ, (૩) તારો સવાબ મેળવવાની ઇચ્છા આપ, (૪) તારા કષ્ટદાયક અઝાબનું કારણ બને તેવી દરેક વસ્તુથી મને દૂર રાખ.

# ગુરૂવારની દુઆ

બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ

અલહ઼મ્દો લિલ્લાહિલ લઝી અઝ઼હબલ લયલ મુઝ઼લેમન બે કુદરતેહી વ જાઅ બિન નહારે મુબસેરન બે રહ઼મતેહી વ કસાની ઝ઼યાઅહૂ વ અના ફી નિઅમતેહી. અલ્લાહુમ્મ ફ કમા અબકયતની લહૂ ફ અબકેની લે અમસાલેહી વ સલ્લે અલન નબિય્યે મોહ઼મ્મદિન વ આલેહી વ લા તફજઅની ફીહે વ ફી ગયરેહી મિનલ લયાલી વલ અય્યામે બે ઈરતેકાબિલ મહારેમે વકતેસાબિલ મઆસેમે વરઝુકની ખયરહૂ વ ખયર મા ફીહે વ ખયર મા

બઅ્દહૂ વસ્રિફ અન્ની શર્રહૂ વ શર્ર
મા ફીહે વ શર્ર મા બઅ્દહૂ. અલ્લાહુમ્મ
ઈન્ની બે ઝિમ્મતિલ ઈસ્લામે અતવસ્સલો
ઈલયક વ બે હુર્મતિલ કુર્આને અઅ્તમેદો
અ્લયક વબે મોહ્મ્મદેનિલ મુસ્તફા
સ્લ્લલ્લાહો અ્લયહે વ આલેહી
અસ્તશ્ફેઓ લદયક ફ અઅ્રેફ.
અલ્લાહુમ્મ ઝિમ્મતેયલ લતી રજવતો બેહા
ક્ઝાંઅ હાંજતી યાં અર્હમર રાહેમીન.
અલ્લાહુમ્મ ક્ઝે લી ફિલ ખ્મીસે ખ્મસલ
લા યત્તસેઓ લહા ઈલ્લા કરમોક વલા
યોતીકોહા ઈલ્લા નેઅ્મોક સલામતન
અર્કવા બેહા અ્લા તાંઅ્તેક વ ઈબાદતન

અસ્તહિકકો બેહા જઝીલ મસૂબતેક વ સઅંતને ફિલ હાલે મિનર રિઝકિલ હલાલે વ અને તુઅમેનની ફી મવાકેફિલ ખવફે બે અમનેક વ તજઅલની મિને તવારેકિલ હોમૂમે વલ ગોમૂમે ફી હિસનેક વ સલ્લે અલા મોહમ્મદિંને વ આલે મોહમ્મદિંને વજઅલ તવસ્સોલી બેહી શાફેઅને યવમલ કિયામતે નાફેઅને. ઈન્નક અનત અરહમુર રાહેમીન.

# ગુરૂવારની દુઆનો તરજુમો

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

સર્વ સ્તુતિ અને પ્રશંસા એ અલ્લાહને માટે જ છે. જેણે અંધારી રાત્રિને પોતાની કુદરતથી ખસેડી અને પોતાની રહેમતથી પ્રકાશિત દિવસ લાવ્યો અને એનો પ્રકાશ મને ઓઢાડી દીધો અને તેની ને'મતો મને ઇનાયત કરી.

હે ખુદા! જે રીતે તેં મને આ દિવસ (આજ) માટે બાકી રાખ્યો. એવી જ રીતે મને એના જેવા (બીજા) દિવસો માટે પણ જીવતો રાખ અને નબી મોહમ્મદ સલ્લલ્લાહુ અલૈહે વઆલેહી વસલ્લમ અને તેમના સંતાનો પર રહેમત મોકલ અને આજે કે અન્ય કોઇ દિવસો કે રાતોમાં ગુનાહ અને નાફરમાની થકી મને દુ:ખી ન કરજે અને જે કાંઇ આ દિવસમાં (થવાનું) છે. અને જે કંઇ આના પછી (થવાનું) છે મને એની ભલાઇ ઇનાયત કર,

અને આ દિવસની બૂરાઇથી અને આના પછી આવનારી દરેક બૂરાઇને તુ મારાથી દૂર રાખ.

હે ખુદા! હું ઇસ્લામની જવાબદારીના માધ્યમથી તારાથી તવસ્સુલ કરૂં છું. અને કુરઆનની હુરમતના માધ્યમથી તારા પર ભરોસો (વિશ્વાસ) કરૂં છું અને હઝરત મોહમ્મદ સલ્લલ્લાહુ અલૈહે વઆલેહી વસલ્લમના માધ્યમથી તારી પાસે શફાઅત ચાહું છું, આથી હે ખુદા! એ જવાબદારીઓ જેના થકી હું મારી હાજતો પૂરી થવા માટે ઉમ્મીદવાર છું મને ઓળખાવ હે શ્રેષ્ઠ દયાવાન.

હે ખુદા! આ ગુરૂવારના દિવસને મારા માટે પાંચ વસ્તુઓનો હુકમ આપ. જેમના પર તારા કરમ સિવાય અન્ય કોઇ પણ કુદરત ધરાવતો નથી. (૧ ) એવી સલામતી આપ જેથી હું તારી ફરમાંબરદારી (આજ્ઞાપાલન)ની વધુ માં વધુ શક્તિ પ્રાપ્ત કરૂં. (૨) એવી ઇબાદતની તૌફીક આપ જેથી હું તારા અઢળક સવાબનો હકદાર બનૂ.

(૩) અને હલાલ માધ્યમોથી મળતી રોઝી (આજીવિકા)માં બરકત (સમૃદ્ધિ) આપ. (૪) ભયના સ્થળોએ મને તારી સલામતી આપ. (૫) રંજ અને ગમનાં હુમલામાંથી બચાવવા મને પોતાના કિલ્લામાં રક્ષણ આપ. અને મોહમ્મદ અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) પર રહમત નાઝિલ કર અને આ બુઝુર્ગોના વસીલા (માધ્યમ) ને કયામતના દિવસે શફાઅત કરનાર અને ફાયદો આપનાર બનાવ. બેશક તું શ્રેષ્ઠ દયા કરનાર છો.

# શુક્રવારની દુઆ

બિસ્મિલ્લાહિર્ રહ્માનિર્ રહીમ

અલહમ્દો લિલ્લાહિલ્ અવ્વલે કબ્લલ્ ઈન્શાએ વલ્ એહયાએ વલ્ આખેરે બઅ્દ ફનાઈલ્ અશ્યાઈલ્ અલીમિલ્ લઝી લા યન્સા મન્ ઝકરહૂ વલા યન્કોસો મન શકરહૂ વલા યખીબો મન્ દઆહૂ વલા યક્તઓ રજાઅ મન્ રજાહ. અલ્લાહુમ્મ ઈન્ની ઉશ્હેદોક વ કફા બેક શહીદન્, વ ઉશ્હેદો જમીઅ મલાએકતેક વ સુક્કાન સમાવાતેક વ હમલત અર્શેક વ મમ્ બઅસ્ત મિન્ અમ્બેયાએક વ રોસોલેક વ અન્શઅત મિન્ અસ્નાફે ખલકેક અન્ની અશ્હદો અન્નક અન્તલ્લાહો લા ઈલાહ

ઈલ્લા અન્ત વહ્દક લા શરીક લક વલા અંદીલ વલા ખુલ્ફ લે ક્વલેક વલા તબ્દીલ વ અન્ન મોહમ્મદન સલ્લલ્લાહો અલયહે વ આલેહી અબ્દોક વ રસૂલોક અદ્દા મા હમ્મલ્તહૂ ઈલલ ઈબાદે વ જાહદ ફિલ્લાહે અઝ્ઝ વ જલ્લ હક્ક્લ જેહાદે વ અન્નહૂ બશ્શર બેમા હોવ હક્કુમ મિનસ્ સવાબે વ અન્ઝર બેમા હોવ સિદ્કુમ મિનલ એકાબે. અલ્લાહુમ્મ સબ્બિત્ની અલા દીનેક મા અહ્યયતની વલા તોઝિગ્ કલ્બી બઅ્દ ઈઝ્ હદયતની વ હબ્ લી મિન્ લદુન્ક રહ્મતન્ ઈન્નક અન્તલ વહ્હાબ. સલ્લે અલા મોહમ્મદિન્, વ અલા આલે મોહમ્મદિન્ વજ્અલ્ની મિન્ અત્બાએહી વ શીઅતેહી વહ્શુર્ની ફી ઝુમ્રતેહી વ વફ્ફિક્ની લે

અદાએ ફરઝિલ જોમોઆતે વ મા અવજબત અલય્ય ફીહા મિનત તાઆતે વ કસમત લે અહલેહા મિનલ અતાએ ફી યવમિલ જઝા. ઈન્નક અનતલ અઝીઝુલ હકીમ.

# શુક્રવારની દુઆનો તરજુમો

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

સર્વ સ્તુતિ અને પ્રશંસા એ અલ્લાહને માટે જ છે. જે પેદા કરવા અને જીવન આપવા પહેલાં પણ મૌજૂદ હતો અને સર્વસ્વના નાબૂદ થઈ ગયા પછી પણ બાકી રહેશે, તે એવો જાણવાવાળો છે કે જે પોતાને યાદ કરનારાઓને (ક્યારેય) ભૂલતો નથી પોતાનો શુક્ર (આભાર) કરનારાઓનું નુક્સાન થવા દેતો નથી જે એનાથી દુઆ માંગે તેને વંચિત નથી રાખતો જે એનાથી આશા રાખે તેને નિરાશ નથી કરતો.

ખુદાવન્દા! હું તને સાક્ષી બનાવું છું. અને સાક્ષી થવા માટે તુંજ પર્યાપ્ત છો. અને તારા તમામ ફરિશ્તાઓ અને તારા તમામ આકાશોમાં રહેનારાઓ અને તારા અર્શને ઉંચક્નારાઓ અને તેં મોકલેલા સૌ નબીઓ અને રસૂલો અને જાત જાતની જે મખ્લૂક તેં પેદા કરી છે તેમને સાક્ષી

રાખીને કહું છું કે તું એકલો છો. તારો કોઈ જ ભાગીદાર નથી કે ન તો તારા જેવો બીજો કોઈ છે ન તારો વચન-વાયદો તૂટે છે કે ન તો એમાં તબદીલી થાય છે. અને એની પણ સાક્ષી આપું છું કે મોહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ એ તારો સંદેશ તારા બંદાઓ સુધી પહોંચાડી દીધો છે અને અઝીઝો જલીલ અલ્લાહના માર્ગ માં જરૂરી તેવા જ પ્રયાસો કર્યા. અને તેમણે એ સવાબની ખુશખબરી આપી જે હક છે જે ડરાવ્યા એ અઝાબથી જે સાચો છે.

ખુદાવન્દા! જ્યાં સુધી તું મને જીવતો રાખે ત્યાં સુધી ત્યાં પોતાના દીન પર અડગ રાખજે અને મારા મનને તારા માર્ગે લગાવી વિચલિત ન થવા દેજે. મને તારી પાસેથી રહેમત આપ. નિશ્ચિત પણે તું જ શ્રેષ્ઠ બક્ષનાર છો. મોહમ્મદ (સ.અ.વ.) અને આલે મોહમ્મદ (અ.મુ.સ.) ઉપર રહેમત મોકલ. અને મને એમના જૂથમાં અને એમના મિત્રો પૈકીનો ઠરાવ. અને (કયામતના દિવસે) એમના

જૂથની સાથે મને પણ ઉઠાવ. અને મને દરેક જુમ્અહ (શુક્રવાર) ના ફર્ઝ અને જે ફરમાં બરદારીઓ તેં આ દિવસે મારી ઉપર વાજિબ કરી છે એ સઘળી અદા કરવાની અને જુમ્આવાળાઓને કયામતના દિવસે તું જે બક્ષિશ વહેંચશે એ સૌની મને તૌફીક આપ. નિ:શક તું જ પ્રભુત્વશાળી અને હિક્મતવાળો છો.

# શનિવારની દુઆ

બિસ્મિલ્લાહિર રહ્ઁમાનિર રહીઁમ

બિસ્મિલ્લાહે કલેમતુલ મુઅઁતસેઁમીન વ મકાઁલતુલ મુતહઁરરેઝીન વ અઉઁઝોઁ બિલ્લાહે તઆઁલા મિન જવરિલ જાએરીન વ કયદલ હાઁસેદીન વ બગયિઝઁ ઝાઁલેમીન વ અહઁમદોહૂ ફવક હઁમદિલ હાઁમેદીન. અલ્લાહુમ્મ અનતલ વાહેઁદો બેલા શરીકિન વલ મલેકો બેલા તમલીકિન લા તુઝાઁદ્દો ફી હુકમેક વલા તોનાઝઓ ફી મુલકેક અસઅલોક અન તોસઁલ્લેય અઁલા મોહઁમ્મદિન અઁબદેક વ રસૂલેક વ અન તૂઝેઅઁની મિન શુકરે નુઅઁમાક મા તબલોગો બી ગાઁયત રેઝાઁક વ અન તોઈનની અઁલા

તૌઅંતેક વ લોઝૂમે ઈબાદતેક વસતિહેકોકે મસૂંબતેક બે લુતફે ઈનાયતેક વ તરહેમની વ સંદ્દની અંમે મઆંસીક મા અહેય્યતની વ તુવફફેકની લેમા યનફઓની મા અબકેયેતની વ અન તશરહ બે કિતાબેક સંદરી વ તહુત્તં બે તિલાવતેહી વિઝરી વ તમનહેનેયસ સલામત ફી દીની વ નફસી વલા તૂહેશ બી અહલ ઉનસી વ તોતિમ્મ ઈહેસાનક ફી મા બકેય મિન ઉમરી કમા અહેસનત ફીમા મઝાં મિનહૂ યા અરહેમર રાહેમીન.

# શનિવારની દુઆનો તરજુમો

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

"બિસ્મિલ્લાહ" (અલ્લાહના નામ સાથ) શરૂ કરૂં છું જે સુરક્ષા ઈચ્છનારાઓનો કલ્મો અને વિર્દ છે. અને (સ્વ.) બચાવ ઇચ્છનારાઓની ગુફતગૂ છે. અને અલ્લાહ તઆલાની પનાહ માંગુ છું. ઝાલિમોના ઝુલ્મ અને ઇર્ષાળુઓના દગાથી અને ઝુલ્મ ગુજારનારાઓના બળવાથી. હું એની સ્તુતિ કરૂં છું. તમામ સ્તુતિ કરનારાઓથી વધુ.

ખુદાવન્દા! તુ એકલો છો. ભાગીદાર વિનાનો અને બાદશાહ છો, માલિક બનાવાયા વિના (અર્થાત તુ વાસ્તવિક બાદશાહ છે. એવું નથી કે તને બાદશાહ બનાવવામાં આવ્યો હોય) તારા હુક્મનો વિરોધ કરી શક્તો નથી. તારી સલ્તનતમાં કોઈ તારી સાથે ઝઘડો કરી શક્તો નથી. હું તને દરખાસ્ત કરૂં છું કે તું મોહમ્મદ (સ.અ.વ.) પર, જેઓ તારા બંદા અને રસૂલ છે. રહેમત મોકલ,

અને તારી ને'મતોનો એટલો એવો શુક્ર બજાવી લાવવાની તોફીક્નો કે જે મને તારી રઝામંદી સુધી પહોંચાડે અને તારી એવી ફરમાંબરદારી અને તારી એવી કાયમી બંદગીની તોફીક આપ જે મને તારા સવાબનો મુસ્તહક (અધિકારી) બનાવે આ અંગે પોતાની લતીફ તવજ્જોહ (ધ્યાન)થી મારી મદદ ફરમાવ. અને મને મારા ગુનાહોથી અટકાવીને મારા પર દયા કર. જ્યાં સુધી તું મને જીવતો રાખે અને જ્યાં સુધી તું મને બાકી રાખે. લાભદાયી કાર્યો કરવાની તોફીક આપ અને પોતાની કિતાબથી મારી છાતી ખોલી નાખ અને એના પઠનથી મારા ગુનાહોના બોજ મારા પરથી ઉતારી દે. અને મને સલામતી આપ. મારા અને મારી જાનમાં અને મારા સંબંધીઓમાં તું મને દહેશતનાક ન બનાવ. અને પોતાનો ઉપકારને મારી બાકી જિંદગીમાં પૂરો કર. જે રીતે તૂ પાછલી જિંદગીમાં ઉપકાર કરતો રહ્યો છે. હે શ્રેષ્ઠ દયા કરનારા!

# હઝરત રસૂલેખુદા સ.અ.વ.ની ઝિયારત (શનિવાર)

અસ્સલામો અલયક યા રસૂલલ્લાહે વ રહમતુલ્લાહે વ બરકાતોહ. અસ્સલામો અલયક યા મોહમ્મદબ્ન અબ્દિલ્લાહ અસ્સલામો અલયક યા ખિયરતલ્લાહ. અસ્સલામો અલયક યા હબીબલ્લાહ. અસ્સલામો અલયક યા સિફવતલ્લાહ. અસ્સલામો અલયક યા અમીનલ્લાહ. અશ્હદો અન્નક રસૂલુલ્લાહે વ અશ્હદો અન્નક મોહમ્મદુબ્નો અબ્દિલ્લાહે વ અશ્હદો અન્નક કદ નસહત લે ઉમ્મતેક વ જાહદત ફી સબીલે રબ્બેક વ અબદતહૂ હત્તા અતાકલ યકીન. ફ જઝાકલ્લાહો યા રસૂલલ્લાહે અફઝલ મા જઝા નબીય્યન

અ'લા ઉમ્મતેહ. અલ્લાહુમ્મ સ'લ્લે અ'લા મોહ'મ્મદિ'ન વ આલે મોહમ્મદિન અફ઼ઝ઼લ મા સ'લ્લયત અ'લા ઈબ્રાહીમ વ આલે ઈબ્રાહીમ ઈન્નક હ'મીદુન મજીદ.

સલામ થાય આપ પર અય ખુદાના રસૂલ! અલ્લાહની રહેમતો તથા બરકતો નાઝિલ થાય આપ પર અય અબ્દુલ્લાહના પુત્ર મોહમ્મદ! સલામ થાય આપ પર અય ખુદાના બરગુઝીદા! સલામ થાય આપ પર અય અલ્લાહના હબીબ! સલામ થાય આપ પર અય અલ્લાહના પસંદગી પામેલા! સલામ થાય આપ પર અય અલ્લાહના અમીન! હું સાક્ષી આપું છું કે આપ અલ્લાહના રસૂલ અને અબ્દુલ્લાહના પુત્ર મોહમ્મદ છો અને હું ગવાહી (સાક્ષી) આપું છું કે આપે પોતાની ઉમ્મતને બોધ આપ્યો અને પોતાના પાલનહારના માર્ગમાં જેહાદ કર્યો. અને આપે એની ઇબાદત કરી છેક એટલે સુધી કે આપના મુબારક જીવનનો સમય પૂર્ણ

થયો. અય અલ્લાહના રસૂલ! (સ.અ.વ.) આપને એવો એ શ્રેષ્ઠ બદલો આપે, જે કોઈ પણ નબીને એની ઉમ્મત તરફથી આપવામાં આવ્યો હોય. અય ખુદા દુરૂદ મોક્લ મોહમ્મદ (સ.અ.વ.) અને મોહમ્મદના વંશજો પર એ સર્વશ્રેષ્ઠ દુરૂદ જે તેં હઝરત ઈબ્રાહીમ (અ.સ.) અને ઇબ્રાહીમ (અ.સ.)ના વંશજો ઉપર મોક્લ્યો છે. નિ:શંક તું સાહિબે હમ્દ (સ્તુત્ય) અને સાહિબે મજદ (મહાનતાવાળો) છે.

# હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ.ની ઝિયારત (રવિવાર)

અસ્સલામો અંલશ્શ શજરતિન્ નબવીય્યતે વદ્ દવ્હંતિલ્ હાશેમીય્યતિલ્ મોઝિંઅતિલ્ મુસંમેરતે બિન્ નુબૂવ્વતિલ્ મૂનેકંતે બિલ્ ઈમામતે વ અંલા ઝંજીઅંયક આદમ વ નૂહિંન્ અલયહેમસ્સલામ. અસ્સલામો અંલયક વ અંલા અહલેબયતેકંતં તંય્યેબીનતં તાંહેરીન. અસ્સલામો અંલયક વ અંલલ્ મલાંએકિલ્ મુહંદેકીંન બેક વલ્ હાંફ્ફીન બે કંબ્રેક યા મવ્લાય યા અમીરલ્ મુઅમેનીન હાઝાં યવ્મુલ્ અહંદે વ હોવ

યવ્મોક વ બિસ્મેક વ અના ઝ઼ૈયેફોક ફીહે વ જારોક ફ અઝિઁફેની યા મવ્લાય વ અજિરેની ફ ઈન્નક કરીમુન તુહિઁબ્બુઝ઼ ઝિઁયાફત વ મઅમૂરૂમ બિલ ઈજારતે ફફઅઁલ મા રગિઁબ્તો ઈલયેક ફીહે વ રજવ્તોહૂ મિન્ક બે મન્ઝેલતેક વ આલે બય્તેક ઈઁન્દલ્લાહે વ મન્ઝેલતેહી ઈઁન્દકુમ વબો હઁકેકેં ઈબ્નો અઁમ્મોક રસૂલિલ્લાહે સઁલ્લલ્લાહો અઁલયહે વ આલેહી વ સઁલ્લમ વ અઁલયહિમ અજ્મઈન.

સલામ થાય નબુવ્વતની પવિત્ર વંશાવળી પર ! અને આલે હાશિમના વૃક્ષ ઉપર કે જે નૂરાની છે. અને જેનું ફળ નબુવ્વત છે. અને જે ઇમામતથી સુસજ્જ છે. અને સલામ થાય આપની પડખે આરામ કરનારા જનાબે આદમ (અ.સ.) અને

જનાબે નૂહ (અ.સ.) પર. સલામ થાય આપ પર અને આપના પાક અને પાકીઝા અહલેબૈત ઉપર. સલામ થાય આપ પર અને આપની આજુબાજુના ફરિશ્તાઓ ઉપર. અને કબ્ર ના મોજૂદ ફરિશ્તાઓ ઉપર. હે મારા મૌલા ! હે મોમિનોના સરદાર! આ રવિવારનો દિવસ છે. જે આપનો દિવસ છે. અને આપના નામથી છે. અને હું આ દિવસ તમારો મહેમાન છું. અને આપના આશ્રય હેઠળ છું. હે મારા મૌલા ! આપ મને મહેમાન બનાવી લો. અને મને આશ્રય આપી દો, કે આપ બુઝુર્ગ છો અને મહેમાનદારી (અતિથ્ય) ને પસંદ કરો છો અને આશ્રય આપવા પર નિમાયેલા છો. આપ મારા માટે એ કાર્ય કરી દો જેને હું આ દિવસમાં ચાહું છું, અને જેની હું આપથી આશા રાખું છું. અલ્લાહ પાસે પોતાના દરજ્જા અને અહલેબૈતના દરજ્જાને કારણે, અને આપની દષ્ટિમાં ખુદાનો જે દરજ્જો છે તેના કારણે અને આપના પિતરાઇ ભાઇ રસૂલુલ્લાહના હક્ના માધ્યમથી અલ્લાહની દુરૂદ થાય એમના પર અને એમના તમામ વંશજો ઉપર.

# જનાબે ફાતેમા ઝહરા સલામુલ્લાહે અલય્હાની ઝિયારત

અસ્સલામો અંલયંકિ યા મુમ્તહંનતો ઈમ્તહંનકિલ્લઝીં ખંલકંકિ ફ વજદકિ લે મમ્તહંનકિ સાંબેરતનં અના લકિ મુસંદદેકુંનં સાંબેરૂનં અંલા મા અતા બેહી અબૂકિ વ વસિંય્યોહૂ સંલવાતુલ્લાહે અંલયંહેમા વ અના અસ્અલોકિ ઈનં કુન્તો સંદદકંતોકિ ઈલ્લા અલહંકંતેની બે તસંદીકીં લહોમા લે તોસર્રં નફંસી ફશ્હદી અન્ની ઝાંહેરૂનં બે વિલાયતેકે વ વિલાયતે આલે બય્તેકે સંલવાતુલ્લાહે અંલયંહિમ અજંમઈંન.

